

## બધું જ નૂતન

તે દિવસે કીર્તનની રમઝટ ચાલી રહી હતી.

સ્ત્રીઓની વચ્ચે ઘૂંઘટ તાણીને મા બેઠાં હતાં. એટલામાં તો આખું શરીર ડોલવા લાગ્યું. ઘૂંઘટ સરી પડ્યો. આંખો મીંચાઈ ગઈ.

કીર્તનના તાલની સાથે સાથે દેહ પણ ડોલવા લાગ્યો.

થોડીવારમાં તો ડોલતાં ડોલતાં ભાવાવેશમાં ઊભાં થઈ ગયાં.

જાણે શરીર ઉપરનો કાબૂ ચાલ્યો ગયો! જાણે કોઈ અદૃશ્ય શક્તિ આવીને શરીરની અંદર વિવિધ ક્રિયાઓ કરવા લાગી.

આ સમયે દીદી ત્યાં હાજર હતાં. આ પ્રસંગને વર્ણવતાં લખે છેઃ ‘‘અવસ્થા પરથી જણાતું હતું કે આ બધું ઈચ્છાથી થતું નહોતું. શરીર ઉપરનો કાબૂ છૂટી જવાથી પહેરેલું વસ્ત્ર પણ સરી જવા લાગ્યું. તે સમયમાં મા ચોળી પહેરતાં નહોતાં, પણ સાડી એવી સરસ રીતે પહેરતાં કે એમનાં તમામ અંગો ઢંકાઈ જતાં. હાથ સુદ્ધાં ઢંકાઈ જતાં. ત્યાં બેઠેલી સ્ત્રીઓએ આખા શરીરે સાડી એવી રીતે વીંટાળી દીધી કે નીકળી ન શકે કે સરી પણ ન જાય. જાણે મા હમણાં પડ્યાં, હમણાં પડ્યાં એવું લાગતું હતું. પુષ્કળ દારૂ પીવાથી માણસને નશો ચઢી જાય એવું જ કંઈક. અરે, એ ઉપમાય બરોબર નથી. મેં જે અવસ્થા જોઈ તેનું વર્ણન અશક્ય છે. મારી જિંદગીમાં આવી અવસ્થા જોઈ નહોતી. શ્રી ચૈતન્યદેવ ને રામકૃષ્ણના જીવનવૃત્તાંતો વાંચેલા. એમના જીવનવૃત્તાંતોમાં વર્ણવેલા મહાભાવની અવસ્થા આજે પ્રત્યક્ષ રૂપે જોતાં હું તો ઠરી જ ગઈ! આ તે કેવી આશ્ચર્યકારક અવસ્થા! થોડો વખત પહેલાં તો જે ઘરકામ કરતાં તે અત્યારે જાણે ક્યાં જતાં રહ્યાં ? સાધારણ માણસની બુદ્ધિ કામ કરી શકતી નહોતી. હું જોયા કરતી હતી. માનું શરીર એ મહાભાવમાં ઘૂમતું ઘૂમતું ઓટલા ઉપર થઈને ધીમે ધીમે કીર્તન મંડળીમાં જઈને ગોળ ગોળ ઘૂમવા લાગ્યું. પલકારા વિનાની આંખો ઊંચું જોઈ રહી હતી. મુખ ઉપર અસામાન્ય ઓજસ પ્રસરી રહ્યું. દેહમાં રક્તિમ આભા ઓપી રહી. ગોળ ગોળ ફરતાં ફરતાં જમીન પર પડી ગયાં. પડતાંની સાથે જ જાણે વંટોળિયાથી કાગળ કે પાંદડું



ગોળ ચક્કર ફરે તેવી રીતે શરીર દ્રુતગતિથી ગોળ ગોળ ઘૂમવા લાગ્યું. મેં પકડી રાખવા પ્રયત્ન કર્યો, પણ એમનો વેગ સહન કરી શકી નહિ. મારા માટે અસંભવિત કાર્ય હતું. થોડીવાર સ્થિર થયાં ને આસન લગાવી બેઠાં. આંખો મીંચેલી હતી. શરીર સ્થિર, અચલ ને અટલ. મા સમાધિ-સ્થિતિમાં સ્થિર થયાં. પછી પહેલાં ધીમે ધીમે ને પછી ઊંચા શુદ્ધ સ્વરે ‘હરે મુરારે મધુકૈટભારે ગોપાલ ગોવિંદ મુકુંદ શૌરે’ – વારંવાર ગાવા લાગ્યા. અહા ! કેવો એ અદ્‌ભુત સૂર ! આજેય યાદ આવે છે ત્યારે શરીરે રોમાંચ થઈ આવે છે. આવો મધુર સ્વર મારા કાને કદાપિ પડ્યો નથી. બધું જ નૂતન.’’

બધાંએ માનો આ નૂતન વ્યાપાર વિલોક્યો.

અત્યાર સુધી આ ભાવ સર્વથી ગુપ્ત હતો. હવે સર્વની સમક્ષ એકાએક અવિરોધ્યપણે પ્રગટ થતાં બધાં જ મંત્રમુગ્ધ બની ગયાં.

આ નૂતન ભાવદશાની અનોખી સ્થિતિનું દર્શન મેડિકલ વિદ્યાર્થીઓએ પણ કર્યું. ડૉ. શશાંકબાબુને લઈને મેડિકલ વિદ્યાર્થીઓને માનો પરિચય થયો હતો. વિદ્યાર્થીઓનો આગ્રહ હતો કે કોલેજમાં સરસ્વતી પૂજામાં મા ઉપસ્થિત રહે. તેઓ પ્રેમાગ્રહ કરી કોલેજમાં તેડી લાવ્યા. અગિયાર વાગ્યે છોકરાએ સરસ્વતી-સ્તવન શરૂ કર્યું. મા ભાવવિભોર બની ગયાં. પછી તો સ્થળ-કાળનો લોપ થઈ ગયો. શરીરમાં જુદી જુદી ક્રિયાઓ થવા લાગી. એ સમયે પણ દીદી સાથે જ હતાં. માના આ ભાવ વિશે લખે છેઃ ‘‘આજે પણ કોઈ ઉગ્ર મૂર્તિ ઊંચી દૃષ્ટિ કરી, તલવાર તાણી, જાણે ભયાનક યુદ્ધ કરે છે તેવો ભાવ શરૂઆતમાં આવ્યો અને એમની જીભ બહાર નીકળી ગઈ. પછી થોડી જ વારમાં જીભ પાછી મુખમાં જતી રહી અને ધીમે ધીમે શાંત થઈ ગયાં. પછી આસન પર બેસી પોતે જ પોતાની પૂજા કરવા લાગ્યાં! પોતાને પગે પોતાનું માથું અડકાડીને પ્રણામ કર્યાં. પછી અચેત થઈ ગયાં. ફરી ઝપાટાબંધ ગોળ ગોળ ચક્કર ફરવા માંડ્યું. જમીન પર આળોટતાં આળોટતાં સ્થિરભાવે ચત્તાં સૂઈ ગયાં ત્યારે નાભિથી કંઠ સુધી ધમણની જેમ શ્વાસ ચાલતો હતો. જાણે મોજાં ઊછળતાં હતાં. હું બાથ ભીડીને બેઠી. પછી આખું શરીર પથ્થર પેઠે જડ થઈ ગયું. ઠરી ગયું. જરાક સ્થિર થયાં એટલે મુખમાંથી પુષ્કળ લાળ નીકળવા લાગી. મેં પહેરેલી આખી સાડી પલળી ગઈ. ક્યારેક આ જ રીતે આંખોમાંથી એટલું બધું પાણી નીકળતું, કે પહેરેલાં કપડાં પલળી જતાં. ઘણીવાર તો મરી ગયાં હોય એવી સ્થિતિ થઈ જતી. ત્યારે પણ આંગળાંના નખ કાળા પડી ગયા. મરી ગયેલા માણસ જેવું ફિક્કું મુખ પડી ગયું. નાડી ચાલે છે કે નહીં તે ય પરખાતું નહોતું. શ્વાસ

તો જાણે ચાલતો જ ન હોય એવું લાગતું નહોતું. હું ભયભીત થઈ ગઈ. પણ માએ કહી રાખ્યું હતું કે, આવું કંઈ થાય તો પ્રભુનું સ્મરણ કરવું. સારું થવાનું હશે તો તેમ કરવાથી થઈ જશે. એટલે હું તો પ્રભુનામ-સ્મરણ કરવા મંડી. એથી ધીમે ધીમે સારું થઈ ગયું.

આખરે મા સ્વાભાવિક સ્થિતિમાં આવી ગયાં.

મેડિકલ વિદ્યાર્થીઓ ને ડૉક્ટરો પણ માની આવી ભાવસ્થિતિ જોઈ અચંબામાં પડી ગયાં. મેડિકલ સાયન્સમાં શરીરની આવી પ્રક્રિયા વિશે ક્યાંય ઉલ્લેખ નહોતો!! આ તો જ્યાં આધુનિક તબીબી જ્ઞાનના સીમાડા પૂરા થઈ જાય છે ત્યાંથી પેલે પારના વિજ્ઞાનની સ્થિતિ હતી. તબીબી વિદ્યાર્થીઓ માટે એને સમજવાનું મુશ્કેલ હતું. પણ તે દિવસની સરસ્વતી-પૂજા અનોખી બની રહી. સહુએ દિવ્ય આબોહવા અનુભવી. વિદ્યાર્થીઓ તો એવા મુગ્ધ બની ગયા કે બીજી વખત પણ માને પોતાની કૉલેજમાં લાવ્યા હતા.

એમાંના એક-બે વિદ્યાર્થીઓ તો માનાં દર્શન માટે વ્યાકુળ બની ગયા ને તેથી રોજ શાહબાગ જવા લાગ્યા.

મા અત્યાર સુધી ઘૂંઘટમાં અવગુંઠિત હતાં, તેમ ભાવદશા પણ ઘરની ચાર દીવાલો પૂરતી સીમિત હતી. પણ હવે ઘૂંઘટ અને દીવાલોનાં આવરણો ભેદાઈ ગયાં ને માનો પ્રકાશ સર્વત્ર પ્રસરી રહ્યો. જો કે ભાવદશાની ગોપનીયતા વિશે માએ ભાઈજીને કહ્યું હતું:

"ભાવદશા પ્રગટ થવા દેવી નહિ. પણ સહજપણે પ્રગટી જાય તો થવા દેવી."

માના જીવનનો ગુપ્ત સાધનાકાળ હવે પૂરો થયો હતો.

ભાવોના સહજ પ્રાગટ્યનો નવો જ તબક્કો શરૂ થયો.





## 'આજે સાક્ષાત્ દેવીનાં દર્શન કર્યા!'

નિરંજનબાબુ આસિ. કમિશ્નર તરીકે ઈન્કમટેક્સ ખાતામાં હતા. ઢાકામાં થોડા સમયથી જ આવ્યા હતા. પહેલાં કલકત્તા હતા. જ્યોતિષબાબુ એક દિવસ શાહબાગ લઈ ગયા. તે દિવસે અમાસ હોવાથી કીર્તન-કાર્યક્રમ હતો. હવે મા દર પૂનમ અને અમાસે કીર્તન રાખતાં હતાં. ભાગ લેવા કેટલાય ભાવિકો આવતા હતા. તે દિવસે કીર્તન શરૂ થયું. મા ધીમે ધીમે ભાવમાં સરી પડ્યાં. તે સાથે શરીરની સ્થિતિ પણ બદલાવા લાગી. નિરંજનબાબુએ તો આવી ભાવસ્થિતિ કદી જોઈ ન હતી. એટલે ગભરાઈ ગયા અને દેવીસ્તોત્રનો પાઠ કરવા લાગ્યા. આ બાજુ ભાવદશામાં મા જમીન પર ઢળી પડ્યાં. પછી શરીર ગોઠીમડાં ખાવા લાગ્યું-વાવાઝોડામાં પવનથી આમતેમ ઊડતાં પાંદડાંની પેઠે. સામાન્ય માણસ એકવાર પ્રયત્ન કરે ને, તોય ન કરી શકે. મા તો બાહ્ય ભાનથી લુપ્ત, ભાવતરંગોમાં ડૂબેલાં હતાં. શરીરનું બિલકુલ ભાન નહોતું. પકડી રાખવાના પ્રયત્નો વ્યર્થ ગયા. કોઈ પકડી રાખી શક્યું નહીં. શરીર આમથી તેમ ભાવમાં ફંગોળાતું રહ્યું. પછી જડની જેમ પડી રહ્યું. પણ દિવ્યજ્યોતિના ઝગઝગાટથી મુખ ઝળહળવા લાગ્યું. શરીરનું રોમેરોમ આનંદના અખંડ રસથી છલકાતું હોય એવું જણાતું હતું. આ અવસ્થાનું દર્શન કરી નિરંજનબાબુ તો ભાવવિભોર બની ગયા. બાજુમાં બેઠેલા ભાઈજીને કહ્યું: "આજે મેં સાક્ષાત્ દેવીનાં દર્શન કર્યાં છે." એમના ચહેરા ઉપર પણ દિવ્ય દર્શનનો આનંદ છલકાતો ભાઈજી જોઈ રહ્યા!

પછી તો ભાઈજી સાથે એ વારંવાર આવવા લાગ્યા. ફરી કીર્તનના દિવસે દિવ્યભાવ-સ્વરૂપનું દર્શન થયું. તે દિવસે મા બેઠાં બેઠાં જ ઢળી પડ્યાં. શ્વાસોચ્છ્વાસની સાથે હાથપગ લાંબા-ટૂંકા કરી પછી ઊંધું ઘાલીને સૂઈ રહ્યા ને ગોળ દડાની જેમ ફરી ગબડવાં લાગ્યાં. થોડીવાર પછી, ઉન્માદિનીની જેમ, કોઈ પણ જાતના આધાર વગર, ઊભાં થઈ ગયાં ને પગના બંને અંગૂઠા ઉપર ઊભા રહ્યાં. ત્યારે શ્વાસોચ્છ્વાસ સાવ મંદ પડી ગયો. પછી બંને હાથ આકાશ તરફ ઊંચકાયા. માત્ર પગના અંગૂઠા જ ધરતીને અડકતા હતા. એ જ સ્થિતિમાં માથું પાછળ વાંકું વળી પીઠ સાથે જડાઈ ગયું. આંખનો પલકારો ય માર્યા વગર ઊર્ધ્વ દૃષ્ટિએ ચાલવા લાગ્યાં. જાણે કોઈ

અદૃશ્ય શક્તિ ચલાવી રહી હતી. બંને આંખોમાંથી અપૂર્વ જ્યોતિ પ્રગટતી હતી. મુખ ઉપરની આનંદની અનેરી આભા હતી. કીર્તનની સાથે સાથે બે પગના અંગૂઠા ઉપર ઊંચા હાથ કરી, જાણે હવામાં ચાલતાં હોય તેમ ચાલવા લાગ્યાં. અદ્ભુત હતું આ દૃશ્ય! જોનાર તો વિસ્મિત બની જોતાં જ રહ્યાં. કેટલોક સમય આ ભાવદશા રહી. પછી એ જ ભાવમાં જમીન પર ઢળી પડ્યાં. માથું પણ પીઠ પાછળ એ જ રીતે ચોટેલું! શરીર અચેતન માંસના લોચા જેવું! આખી રાત આ જ સ્થિતિમાં પડ્યાં રહ્યાં. છેક બીજે દિવસે સવારે સ્વાભાવિક સ્થિતિમાં આવ્યાં. નજરે જોનારા દિગ્મૂઢ બની જતા ને તેઓ પણ ત્યાંના દિવ્ય વાતાવરણમાં ખેંચાવા લાગતાં. તેથી જ વારંવાર મા પાસે આવવા હૃદય ઝંખતું રહેતું. આમ, હવે ભક્તોનો પ્રવાહ પણ માનાં દર્શને આવવા લાગ્યો અને વધવા લાગ્યો.

> **તમારા શરીરને સ્વસ્થ તેમજ મનને જપ અને ધ્યાનમાં તલ્લીન રાખવા પ્રયત્ન કરો. કેટલીક વાર મનુષ્ય માટે ખિન્ન-ઉદ્વિગ્ન થઈ જવું સ્વાભાવિક છે. આમ છતાં પણ જે ઉદ્વિગ્નતાની-વિષાદની-કક્ષા છે, તેનાંથી ઉપરની કક્ષાએ ઝડપથી પહોંચવાનો પ્રયાસ કરો. સમય સતત સરી જઈ રહ્યો છે.**
>
> **- 'શ્રી શ્રી મા'**





## 'તમારી માએ ષટ્ચક્ર દોર્યું છે!'

તે દિવસે ભાઈજી ને નિરંજન બાબુ આવ્યા હતા.

ત્યારે મા અને પતિ ઓરડામાં નીચે બેઠાં હતાં.

માની સામે નીચે જ જમીન પર કેટલાંક ચિત્રો દોરેલાં હતાં.

પતિએ કહ્યું: "જુઓ, તમારી માએ ષટ્ચક્ર દોર્યું છે!"

તેથી જ્યોતિષબાબુ જમીન પર દોરેલાં ચિત્રો જોવા લાગ્યા. પણ કંઈ સમજ ન પડી એટલે મા સામે જોયું. મા તો અંતર્મુખ હતાં, પણ જે ભાવમાં હતાં તે જ ભાવમાં બોલવા લાગ્યાં: "આજે બપોરે ધીમે ધીમે ચાલી રહી હતી. પછી એકાએક આ જગ્યાએ બેસી ગઈ. પછી માથાના તાળવામાંથી, બરાબર નાકની દાંડીથી, મેરુદંડના છેડા સુધી, મારા હાથની આંગળીઓ વડે કોઈ ઠેકાણે ત્રણ ને કોઈ ઠેકાણે ચાર આંગળને આંતરે આંતરે માપવા લાગી. એટલે 'ખ્યાલ' આવવા લાગ્યો કે તે તે સ્થાને એક-એક ગ્રંથિ છે. મેં જોયું કે મૂલાધારથી ક્રમે ક્રમે ઊંચે સૂક્ષ્મથી સૂક્ષ્મતર અનેક ગ્રંથિઓ રહેલી છે. તેમાં કેટલીક મુખ્ય ગ્રંથિઓ છે તે મેં અહીં દોરી છે. દોરવાની ઈચ્છાથી દોરી નથી. મારો હાથ આપમેળે જ ઈચ્છા વગર ફરવા લાગ્યો અને આ ચિત્ર દોરી કાઢ્યું."

મા આગળ બોલતાં જ ગયાં: 'યાદ રાખવા જેવું છે કે, આ બધી ગ્રંથિઓ અગર નાડી-ઝૂમખાંના સંયોગક્ષેત્રમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરેથી જનિત મનુષ્યનો જન્મ-મરણના સંસ્કાર બંધાયેલા છે. વાયુ અને પ્રાણરસ આની અંદર થઈને, ક્યાંક તીવ્ર વેગથી, ક્યાંક ધીરે ધીરે પ્રવાહિત થઈને, મનુષ્યના કર્મ અને ભાવને ગતિ આપે છે. જેમ કે પૃથ્વી ઉપર જળ, જળ ઉપર તેજ, તેજ ઉપર વાયુ, વાયુ ઉપર મહાવ્યોમ, તેવી જ રીતે મનુષ્યની અંદર પણ એક એક કરીને પાંચ કેન્દ્રો સ્થિર રહેલાં છે. વિચાર કરતાં સમજાય કે મનનો ભાવ શુદ્ધ અને આનંદમય હોય ત્યારે પ્રાણવાયુ શરીરમાં ઊર્ધ્વ વિચરણ કરે છે. જેમ પુષ્કરિણીના તળ પ્રદેશમાં જળનો આદિ-સ્રોત છે, વૃક્ષના મૂળમાં પ્રાણરસનું આકર્ષણ-કેન્દ્ર છે, તેવી જ રીતે મનુષ્યના

મેરુદંડને છેડે જીવનશક્તિની આદિ-સ્વરૂપ એક મહાશક્તિ સુપ્ત અવસ્થામાં રહેલી છે. શ્રદ્ધા અને ધૈર્ય વડે, બાહ્ય અને આંતર શુદ્ધિ ક્રિયાનું સ્પંદન વાયુ દ્વારા વહીને, જ્યારે મુખ્ય મુખ્ય નાડીનાં કેન્દ્રોને હલાવી મૂકે છે ત્યારે, મૂલાધારની બંધાઈ ગયેલી શક્તિ ઉન્મુખી બનીને, એક-પછી-એક ગ્રંથિને ભેદી, ક્રમે ક્રમે જેટલા પ્રમાણમાં ઊર્ધ્વગામી થાય છે તેટલા પ્રમાણમાં સાધકની આસક્તિ ને સંસ્કાર લય પામે છે. એ ગ્રંથિમોચનની સાથે સાથે બાહ્ય જગતના રૂપ-રસાદિ તરફથી આસક્તિ અને સંસ્કાર શિથિલ થતાં જાય છે. એ ઉન્મુખી શક્તિ ભ્રૂકેન્દ્રમાં પહોંચે એટલે વાયુની ગતિ સર્વત્ર સરળ અને વિશુદ્ધ બની જાય. ત્યારે હું કોણ ? જગત કોણ ? સૃષ્ટિ કોણ ? વગેરે સ્વરૂપનો થોડો અનુભવ સાધક કરવા માંડે છે. આ અવસ્થામાં પ્રતિષ્ઠિત થયે સંસ્કારના મૂળનો ઉચ્છેદ થાય છે. એટલે ધ્યાનની ગતિ વધુ ને વધુ ઊર્ધ્વતર બને છે. છેક છેલ્લે પહોંચ્યા પછી સાધક મહાભાવમાં લીન થાય છે, અર્થાત્ સ્વરૂપનો બોધ થાય છે અને સમાધિ સ્થિતિમાં શાંતિ પામે છે. આ બધી ગ્રંથિઓ ખૂલવાની સાથોસાથ પ્રથમ સાધક જુદા જુદા પ્રકારના ધ્વનિ સાંભળે છે. વખતોવખત એવું જણાવા લાગે છે, શંખ ને ઘંટારવ જેવા આ શબ્દ-તરંગો એક વિશ્વવ્યાપી મહાતરંગના મહાસાગરમાં મળી જાય છે. તે વખતે બહારનો કોઈ પણ ભાવ કે વસ્તુ સહેલાઈથી તેના ચિત્તને ખેંચી શકતા નથી. સાધક જેટલો આગળ વધે તેટલો એ મહાધ્વનિના અમૃતપ્રવાહમાં રેલાતો જાય છે. છેવટે મહાધ્વનિના ઊંડાણમાં એનું ચિત્ત અખંડ સ્થિતિને પામે છે.''

આમ, મૂલાધારમાં બેઠેલી કુંડલિની ષટ્ચક્રને ભેદતી ઉપર ચઢે છે ત્યારે શું અનુભવ થાય છે તે સહજ રીતે જ્યોતિષ બાબુને સમજાવ્યું. આ ષટ્ચક્ર વિશે કે કુંડલિની વિશે માએ અગાઉ ક્યાંય વાંચ્યુ નહોતું કે ન તો કોઈએ આ વિશે તેમને કહ્યું હતું. પણ જ્યારે જ્યારે સાધનામાં જેની જરૂર હતી, તે બધા અનુભવો સહજ રીતે જ થયા હતા. એથી મા પાસે જે જ્ઞાન હતું તે અનુભવસિદ્ધ હતું; મનની ભૂમિકા ઉપરનું એ જ્ઞાન નહોતું.

બે વરસ બાદ જસ્ટીસ વુડ્રોફનું 'સર્પેન્ટ પાવર' પુસ્તક જ્યોતિષ બાબુના હાથમાં આવ્યું. તેમાં ષટ્ચક્રનો ફોટો દોરેલો હતો.

તેમણે માને બતાવ્યો. પણ તેના તરફ ખાસ ધ્યાન આપ્યું નહીં.

કહ્યું: ''હું શું કહું છું તે સાંભળ.''

પછી તો પ્રત્યેક ચક્રના પદ્મની પાંખડીઓની સંખ્યા, યંત્રબીજ વગેરે વર્ણવવા લાગ્યાં. જ્યોતિષબાબુએ જોયું તો પુસ્તકમાંના ફોટાની સાથે બરાબર એ મળતું આવતું



હતું. ઉપરાંત, માએ કહ્યું: ''જો, કોઈ પણ ચોપડીમાંથી કે કોઈના મોઢેથી આ કંઈ સાંભળ્યુ નથી. વાતોમાં ને વાતોમાં આ બધું બહાર નીકળી આવ્યું.''

આ બધું સાંભળી જ્યોતિષબાબુના મનમાં પ્રશ્ન ઊઠ્યો:

''મા, શું ખરેખર આ બધું આપણે જોઈ શકીએ ?''

ઉત્તરમાં માએ જાત-અનુભવ-દર્શનની વાત કરી: ''છબિમાં જે રંગો જુએ છે તે બહારની સજાવટમાત્ર છે. શરીરમાં મજ્જાદિ વસ્તુ દ્વારા જે સંગઠિત છે તે જ આપણે. તફાવત એટલો જ કે બહારના નાભિ, આંખ, કાન, હાથની રેખાઓ વગેરેની જેવી વિશિષ્ટતા છે તેવી ચક્રોની ગૂંથણી વિભિન્ન છે. વાયુની ગતિ પ્રાણશક્તિજન્ય રસપ્રવાહ દ્વારા વિવિધ વર્ણો, બીજો વગેરેની મૂર્તિને ધ્વનિ લક્ષિત થાય છે. શ્વાસોચ્છ્વાસની ગતિ સાથે જ્યારે પહેલા વહેલા બીજાદિ બહાર આવતાં ત્યારે મનમાં થતું કે, આ બધું શું છે ? પછી તુરત જ મારા મુખ દ્વારા જ દરેકના સંબંધમાં જવાબ મળતો અને કયે કયે સ્થાને શું છે તે પ્રથમ જોઈ શકતી. તે વખતે પ્રત્યેક ચિત્રનું વિવરણ તારાં આ બધાં ચિત્રોની માફક જ જોઈ શકતી. ઉપાસના, પૂજા, કીર્તન, ધ્યાન, તત્ત્વવિચાર અને યોગાદિ ક્રિયા, પૂર્ણ એકાગ્રતા સાથે ચાલે તો ચિત્તશુદ્ધિ ને ભાવશુદ્ધિ થઈને ગ્રંથિઓ ખૂલી જાય છે. અન્યથા કામક્રોધાદિ વમળમાંથી જીવનો ઉદ્ધાર થઈ શકતો નથી.''

જીવનના ગૂઢતમ રહસ્યને સાવ સરળ રીતે વ્યક્ત કરતી માની આ અનુભવવાણી શમી ગઈ ત્યારે જ્યોતિષબાબુના મનમાં ઉદ્ભવતા સઘળા સંશયો પણ શમી ગયા. બહાર દેખાતાં ચિત્રોની જેમ જ અંદર રહેલા ષટ્ચક્રને જોઈ શકાય અને ચિત્તને અખંડભાવમાં લીન કરી શકાય, તેની પ્રાપ્તિ માટે માને અંતરથી પ્રાર્થના કરી રહ્યા.

**જે કંઈ પસાર થઈ રહ્યું છે તે બધું જ દરેક મનુષ્યને પોતાનાં કર્મો પ્રમાણેનું હોઈ ભોગવ્યે જ છૂટકો છે. જો તમારે ક્યાંય. ગૌરવાન્વિત થવું યોગ્ય હોય, તો ઈશ્વર સાથેના સંબંધ માટે જ ગૌરવાન્વિત બનો. તમારો સમય બગાડશો નહિ– 'તેના' સંસ્મરણ વગર એને વેડફી નાખશો નહિ.**

**– 'શ્રી શ્રી મા'**



## ભક્તોનો પ્રવાહ

"તમારું કમળ ખીલવા દો. ભ્રમરો આપોઆપ આવશે." રામકૃષ્ણદેવની આ ઉક્તિ માના જીવનમાં હવે ચરિતાર્થ થઈ રહી હતી. અષ્ટગ્રામ અને બાજિતપુરમાં ઓરડાનાં બારણાં બંધ કરી આખી રાત મા ચૂપચાપ સાધનાક્રિયા કરતાં રહેતાં, ત્યારે મા વિશે કોઈ જાણતું નહોતું. જેઓ જાણતા હતા તેઓ પણ સાચા સ્વરૂપને ઓળખતા નહોતા. પરંતુ અનેક ભૂમિકાઓ ઉપરની માની સાધના સિદ્ધ થતી ગઈ તેમ તેમ માનો આંતરપ્રકાશ વધુ ને વધુ તેજોમય બનવા લાગ્યો. પછી તો ઓરડાની દીવાલો ભેદી અસંખ્ય લોકોનાં હૃદય સુધી એ વ્યાપી ગયો. અષ્ટગ્રામ, બાજિતપુર, શાહબાગ સુધી જ નહીં, કલકત્તા, દેવગંજ ને છેક કાશી સુધી એ પ્રકાશ પહોંચી ગયો ને અસંખ્ય અભિપ્સુ આત્માઓને મા પાસે ખેંચી લાવ્યો.

શાહબાગમાં જ નિવૃત્ત સિવિલ સર્જન ડૉ. શશાંકબાબુ અને તેમનાં પુત્રી આદરિણી સહુ પ્રથમ આવ્યાં. પ્રથમ દર્શને જ બંને સમર્પિત બની ગયાં. જીવનના અંત સુધી માને છોડી ક્યાંય ગયાં નહીં. પાછળથી સંન્યસ્ત દીક્ષા લઈ ડૉ. શશાંકબાબુ સ્વામી અખંડાનંદગિરિ બન્યા. શેષ જીવન માની સેવામાં જ ગાળ્યું. આદરિણી તો માની ખુકુની (નાની બહેન) બની છેલ્લા શ્વાસ સુધી 'મા' મય બની રહ્યાં. એનેય દીક્ષા આપી માએ 'ગુરુપ્રિયા' બનાવી દીધાં હતાં. એ જ રીતે જ્યોતિષબાબુ માના ધર્મપુત્ર બની ગયા. માએ તેમને 'ભાઈજી'ના નામથી ઉદ્‌બોધ્યા. માનો આદેશ એ જ એમનું જીવન. તેઓ પણ અંતિમ ક્ષણ સુધી 'મા'મય જ હતા.

આ ઉપરાંત પણ, હવે તો લોકો માની શક્તિનો અનુભવ કરવા લાગ્યા તેમ તેમ મા પાસે વધુ ને વધુ ભક્તો આવવા લાગ્યા.

દેવગઢના પ્રાણગોપાળ બાબુ અને માના અનન્ય ભક્તો આવવા લાગ્યા. કલકત્તાથી સુરેન્દ્રમોહન મુખોપાધ્યાય, કોઈના કહેવાથી, એકવાર દર્શને આવ્યા ને હંમેશ માટે 'માના' બની ગયા!

તેમના કુટુંબનાં સર્વ સભ્યો પણ માને પૂજવા લાગ્યાં.

એ જ રીતે કાશીમાં રહેતા વીરેન્દ્ર મુખોપાધ્યાય પણ માની ભાવસમાધિની વાત સાંભળી આવ્યા. પ્રથમ દર્શને જ અંતરમાં પ્રતીતિ થઈ ગઈ કે, આ કોઈ



સામાન્ય મનુષ્ય નથી; સાક્ષાત્ ભગવતી શક્તિ છે. પછી તેઓ કાશી ગયા ત્યારે પોતાના ભાઈ જીતેન્દ્ર મુખોપાધ્યાયને મા વિશેની અનુભૂતિ જણાવી: "ભાઈ, દેશમાં જાઓ ત્યારે એકવાર તો શાહબાગ જઈ માનાં દર્શન કરી આવજો. મુખ પર જે લાવણ્યમંડિત પ્રકાશ રહેલો છે તેવો કોઈનામાં ય જોયો નથી."

ભાઈને મુખે સાંભળી જીતેન્દ્રબાબુના હૃદયમાં પણ આવી દિવ્ય ભાવસમાધિમાં રહેતા અલૌકિક માતાજીનાં દર્શન કરવાની તીવ્ર ઈચ્છા જાગી. તેઓ પણ કલકત્તા આવી પહોંચ્યા. તે દિવસે શાહબાગમાં કીર્તન હતું. તેઓ ત્યાં ગયા ને માની ભાવસ્થિતિ જોઈ સ્તંભિત થઈ ગયા! આવું તો ક્યારેય નિહાળ્યું ન હતું - અદ્‌ભુત, અદ્‌ભુત, અલૌકિક, અવર્ણનીય! આ ભાવસ્થિતિ નજરે જોઈ ન હોત તો વર્ણન સાંભળીને, તેનો ખરો ખ્યાલ કદી ન કરી શકત. પ્રથમ દર્શને જ માની દિવ્યતાને જાણી ગયા. પછી તો વારંવાર આવવા લાગ્યા.

આમ શ્રદ્ધાભક્તિપૂર્વક સાન્નિધ્યમાં આવતા હતા તેઓ માની કૃપાદૃષ્ટિથી આંતર પ્રકાશ પામવા લાગ્યા. સાંસારિક સંતાપો શમવા લાગ્યા. આંતરદૃષ્ટિ ખૂલતાં દુન્યવી દૃષ્ટિ બદલાવા લાગી. આવું પરિવર્તન જોઈ અન્ય લોકોય આકર્ષાવા લાગ્યા. આમ ભક્તોનો પ્રવાહ તો વધતો ને વધતો જ ચાલ્યો. ઘૂંઘટમાં રહીને, આત્મતેજને વસ્ત્રોથી ઢાંકીને, ગુપચૂપ સાધના કરનાર કુલવધૂનો આત્મસૂર્ય ઘોર અંધકારને ભેદીને પણ હવે પૂર્ણપણે ઝળહળી રહ્યો.

પહેલાં તો મા કોઈને ય મળતાં નહોતાં. પણ પતિએ જ કહ્યું:

"આ બધા દર્શને આવે છે તો તમે સૌની સાથે વાતો કરો. દૂર દૂરથી આવતા લોકોને નિરાશ ન કરો."

પતિની આજ્ઞા થતાં હવે મળવા લાગ્યાં. આવનારની મૂંઝવણો મિટાવવા લાગ્યાં. આમ માના એક નવા જ કાર્યનો હવે ઉદય થયો.

એ કાર્ય હતું, સાન્નિધ્ય સેવનારામાં પ્રભુ પ્રત્યે પ્રેમ ને શ્રદ્ધા ભક્તિ જગાવવાનું, સાચો આનંદ ને શાંતિ ઉતારવાનું.



# 'કોઈ અજાણ્યું નથી !'

ભક્તોની શંકાઓનું સમાધાન સાવ સરળ ભાષામાં સહજપણે મા કરતાં. માની તો અનુભવવાણી હતી. તેમાં નહોતી કોઈ પાંડિત્યપૂર્ણ છટા કે નહોતી કોઈને આંજી નાખનારી ભભક. છતાં એવો પ્રેમ હતો, જે માનવ મનનાં તમામ જાળાંઓ ભેદી છેક આત્મા સુધી પહોંચી જાય ને આત્માને અનુભૂતિ કરાવે. એ હતું અનુભવજ્ઞાન. તેમાં હતી સાધનાની શક્તિ અને તપની સિદ્ધિ. આથી સાવ સહજપણે બોલાયેલા એ શબ્દો માણસની સમસ્યાઓને સંહારવાનું સામર્થ્ય ધરાવતા હતા. માએ કહેલા એકાદ-બે વાક્યોમાં ઉકેલ મળી જતો. ઘણીવાર તો ઘણા લોકો મા સાથે લાંબી વાત કરવાને પ્રશ્નો પૂછવાની યાદી તૈયાર કરી લાવતા. પણ માની સમીપ આવતાં બધુ ભૂલાઈ જતું. મન સાવ શાંત ને સ્થિર બની જતું. પછી સહજ પ્રેરણાની જે વાણી માના મુખમાંથી પ્રગટતી એ આવનારના વણપૂછ્યા પ્રશ્નોનો ઉત્તર જ બની જતી! આવું તો અસંખ્ય આગંતુકોએ અનુભવ્યું હતું.

જીતેન્દ્ર મુખોપાધ્યાય કાશીથી ત્યારે આવ્યા હતા. વાર્તાલાપ કરી રહ્યા હતા. મનમાં આધ્યાત્મિક બાબતો અંગે અપાર પ્રશ્નો હતા. હવે આત્મીયતાનો સંબંધ સ્થપાયો હોવાથી મા આગળ રજૂ કર્યા. માએ વિસ્તારથી જે જવાબો આપ્યા તે જોઈ બધા ચકિત જ થઈ ગયા! ક્યાંથી આવતી હતી આ જ્ઞાનધારા-સહજ, સરલ, શીતળ, સ્નિગ્ધ અને આહ્લાદક! ત્યાં બેઠેલા સહુ આવું ગહન, અગાધ આધ્યાત્મિક જ્ઞાન જોઈ ચકિત જ થઈ ગયા.

જીતેન્દ્રબાબુએ પૂછેલા પ્રશ્નોમાંનો એક હતો:

'અવતાર ને સાધકમાં શો ભેદ છે ? એને ઓળખવા શી રીતે ?'

પ્રશ્ન પૂછાયો ત્યારે મા શાંતભાવે થોડીવાર પડી રહ્યા; કશું જ બોલ્યા નહી. સ્થિર ભાવે અંતર્મુખ જ રહ્યાં હતાં. પરંતુ પછી બેઠાં થઈ બોલવા લાગ્યાં: ''એ પોતે ઓળખાણ ન આપે તો સાધારણ માણસ માટે ઓળખવાનો ઉપાય નથી.'' એ પછી સમજાવતાં આગળ કહ્યું: ''સાધક અમુક નિયમો પાળે છે, તેના બંધનમાં રહે છે. પરંતુ અવતારને નિયમબંધન હોતુ નથી. જો કે અવતારી પુરુષનું બધું જ કામ નિયમાધીન



જ થાય છે, છતાં નિયમ બંધનકર્તા નથી. બધુ ધ્યાનમાં રાખી જોવાય તો, અવતાર ને સાધકનો ભેદ સમજાય. પણ સાધારણ માણસ એ નહિ સમજી શકે.''

માએ જે સરળ રીતે આ ભેદ સ્પષ્ટ કર્યો તે રીતે મોટા મોટા શાસ્ત્રજ્ઞો પણ ભાગ્યે જ સમજાવી શક્યા હોત!

હવે તો પ્રતિદિન ભક્તપ્રવાહ વધવા લાગ્યો. રોજેરોજ નવાનોખા દર્શનાર્થીઓ આવવા લાગ્યા. એ સંદર્ભમાં માને પ્રશ્ન પૂછાયો :

''મા, રોજ નવા નવા લોકોને કેવા કેવા વિચારો આવે છે ?''

મા હસવા લાગ્યાં. બોલ્યા: ''કોઈ જ નવાં નથી. બધાં જ પરિચિત છે.'' જ્યાં આખું જગત જ પોતાનું હોય ત્યાં કોઈ અપરિચિત હોય જ ક્યાંથી ? જુદાં જુદાં રૂપમાં જે એકમેવ લીલા કરી રહ્યો છે તેની સાથે જ માને નાતો હતો. એટલે એમને માટે પહેલીવાર મળનારા પણ આત્મીય જ હતાં. એકથી બીજું કંઈ હતું જ નહીં, પછી નવતરની વાત જ ક્યાં રહી ?

ભક્તોની બાબતમાં એક બીજો પ્રશ્ન પણ પૂછાયો હતો :

''મા, દરેક વખતે શું બધાંનાં મનના ભાવ તમે જોઈ શકો છો ?

ઉત્તર મળ્યો: ''બધી વખતે બધાના ભાવ જોઈ શકતી નથી. પણ જે દિશામાં આંખ ફેરવું છું તે દિશામાં બેઠેલાંના મનના ભાવ સ્પષ્ટ જોઈ શકું છું. તમે બધા ક, ખ, ગ, વગેરે અક્ષરો ઓળખાવો છો, પણ બધી વખતે એ તમારી આંખ આગળ તરવરતા નથી, પણ જ્યારે મનમાં તમે એ લાવો છો ત્યારે તરત એ જણાય છે. એવી જ રીતનું બધું છે. બધી વખતે બધાંને જોવા છતાં તેમને નથી જોયા એવો વ્યવહાર ચાલે છે.''

પરંતુ મોટે ભાગે એવું બનતું કે તેમની અંતઃદૃષ્ટિ ભક્તોના ભાવને જાણી જતી અને તદનુરૂપ માનો વ્યવહાર બની રહેતો.

પોતાની શ્રદ્ધા પ્રમાણે જીવન-ભાથું મેળવી પાછા ફરતાં ત્યારે, આવ્યા હોય તેના કરતાં જુદા જ બની, જીવનમાં શાંતિની પ્રાપ્તિ કરી, તેઓ ધન્યતા અનુભવવા લાગતા.



## કાલીપૂજા

'મા, આ વખતે તમારે હાથે કાલીપૂજા થાય એવી ઈચ્છા છે' ભક્તોએ બહુ જ આગ્રહ કર્યો. પણ ત્યારે તો માએ સંમતિ આપી નહીં. ઊલટું પતિને કહી દીધું: ''આ બધાં માટે હવે તમે આગ્રહ ન કરશો. મારાથી હવે કોઈ કાર્ય બની શકવાનું નથી.''

આ પછી કોઈએ માગણી કરી નહીં. એવામાં એક ઘટના બની.

તે દિવસે ગાડીમાં બેસી મા ભક્તને ઘેર જતાં હતાં.

ત્યારે ઓચિંતા ડાબો હાથ ઊંચો કરી શૂન્ય મનસ્ક બની ગયાં.

પતિએ પૂછ્યું પણ ખરું. પણ કંઈ જવાબ ન આપ્યો.

પછી તે ભક્તને ત્યાં પણ ફરી આ જ પ્રમાણે પુનરાવર્તન થયું.

ત્યારે ભોજન લેતાં હતાં ને એકાએક ડાબો હાથ એ જ પ્રમાણે ઊંચો થઈ ગયો. પણ ત્યારેય કશું જ બોલ્યા નહીં. પણ પાછળથી કહ્યું હતું : તેઓ ગાડીમાં હતાં ત્યારે ત્યાંથી એકસોવીસ ગજ દૂર મેદાનમાં, જમીનથી લગભગ અઢાર હાથ ઊંચે ચાલી રહેલી, એક સજીવ કાલી મૂર્તિને ચાલતી જોઈ. માના ખોળામાં આવવા માટે જાણે તે લાંબા હાથ કરી રહી હોય એમ માને લાગ્યું હતું.

ફરી ભોજન લેવા બેઠાં ત્યારે એ જ મૂર્તિને નાની બાલિકાના રૂપમાં ત્યાં આવેલી જોઈ. તેથી ત્યારે ય હાથ ઊંચો થઈ ગયો હતો.

આ બનાવના બેચાર દિવસ બાદ ભક્તજનોની મંડળી શાહબાગમાં આવી.

મા કાલીપૂજા કરે તે માટે ફરી ભોળાનાથને વીનવવા લાગ્યા.

તેમાંના ભૂદેવબાબુએ કહ્યું કે તમે માને કહેશો તો જરૂર કરશે.

પરંતુ માએ પતિને ના પાડી હતી, એટલે કશું કહેવા ઈચ્છતા નહોતા.

તેમણે ફરીથી કહ્યું કે, ''પૂજા કરવા રાજી નથી.''

આથી નિરાશ થઈ બધા પાછા ફર્યા. પણ તે રાત્રે માએ પતિને પૂછ્યું: ''ભૂદેવબાબુ આવ્યા હતા તે શું કહેતા હતા?''

''કાલીપૂજાની વાત કરતા હતા.'' ''તો તમે કાલીપૂજા કરો ને?''

માએ વાત કરી એટલે પતિ સમજી ગયા કે પૂજા અંગે માની મંજૂરી મળી ગઈ છે. તેમણે તો રાત્રે જ ભક્તોને જણાવી દીધું :



'પૂજા માટે માની સંમતિ છે. મા પૂજા કરશે.'

આથી સહુનાં અંતરમાં આનંદનો ઉછાળો આવી ગયો.

પણ હવે તો પૂજા આડે એક જ દિવસ બાકી હતો. તે રાત્રે જ કાલીની પ્રતિમા આવી જવી જોઈએ. તાત્કાલિક મૂર્તિ લાવવાનું નક્કી કર્યું. પણ મૂર્તિ કેવડી લાવવી એ અંગે માને પૂછવા પતિ અંદર ગયા તો અંદર તો મા ભાવદશામાં લાંબા થઈને પડ્યાં હતાં.

પતિએ બોલાવ્યાં પણ તેઓ બોલી શકે તેમ ન હતાં. એટલે પતિને વિચાર આવ્યો કે તે દિવસે ગાડીમાં જતાં માએ બે વાર હાથ ઊંચો કર્યો હતો તેનો કંઈક અર્થ તો હશે જ. તો એટલા ઊંચા માપની કાલીની પ્રતિમા લાવવી એવું અંતરમાંથી ઊગ્યું, એટલે ભાવદશામાં બેઠાં કર્યાં. ને એ જ રીતે એમનો હાથ ઊંચો કરીને માપ લઈ લીધું તો બરોબર સવા બે હાથ થયું. એટલા માપની મૂર્તિ લાવવાનું ભક્તોને કહી દીધું. પણ ત્યારે તો રાતના અગિયાર વાગ્યા હતા. એ જ માપની મૂર્તિ તાત્કાલિક ક્યાંથી લાવવી એની સહુને ચિંતા હતી.

મૂર્તિ લેવા માટે સુરેન્દ્રનાથ બંદોપાધ્યાયને મધ્ય રાત્રે જ શહેરમાં મોકલ્યા. તપાસ કરતાં એક દુકાનમાં એ જ માપની મૂર્તિ મળી આવી. એ દુકાનદારને એ માપની અગિયાર મૂર્તિઓનો ઓર્ડર મળ્યો હતો. તેણે બાર મૂર્તિ બનાવી.

એ બારમી મૂર્તિ લઈ શાહબાગ આવ્યા ત્યારે માએ કહ્યું : ''બરોબર આ જ રંગ મેં જોયો હતો.''

બીજે દિવસે પૂજા માટેની સર્વ સામગ્રી તૈયાર થઈ ગઈ.

સંધ્યાકાળે માને ઉઠાડી તળાવમાં સ્નાનાર્થે લઈ ગયાં.

સ્નાન પછી નવું વસ્ત્ર પહેર્યું, પણ ભાવદશામાં જ હતાં.

તળાવેથી મહામહેનતે ચાલી શક્યાં ને પૂજાઘરમાં આવીને બેઠાં.

આખું પૂજાઘર ભરચક હતું. પૂજાની બધી સામગ્રી તૈયાર હતી.

પતિએ માને પૂજા કરવા કહ્યું. જમીન પર બેસી માએ પૂજા આરંભી.

થોડો સમય પૂજા કરી ઓચિંતા ઊભાં થઈ ગયાં.

પતિ સામે જોઈ કહ્યું: ''હું બેસું છું. તમે પૂજા કરો.'' એમ કહી ખડખડાટ હસી પડ્યાં. પછી આંખ પલકારો મારે તેટલામાં તો બધાંની વચ્ચે જઈ ગોળ ચક્કર ફરીને કાલીની મૂર્તિ પાસે જઈ તેને બરોબર બાઝીને બેસી ગયાં !

બધાંને થયું કે હમણાં મા ત્યાંથી ખસી જશે, પણ ખસ્યાં જ નહીં.

તે વખતે આખું પૂજાઘર અપૂર્વ પ્રકાશથી ભરાઈ ગયું. પણ માએ આદેશ આપ્યો : ''તમે બધા આંખો બંધ કરી નામજપ કરો.''

બધા તે પ્રમાણે કરવા લાગ્યા. પણ દૂર રહેલા ઝાડની ઓથે ઊભી એક સ્ત્રી આ બધું જોતી હતી. માએ બૂમ પાડી કહ્યું : 'મહાદેવીની આંખ ખુલ્લી છે. તેને કહો કે બંધ કર.'

મહાદેવી બાગનાં માળીની સ્ત્રી હતી. દૂરથી પૂજા જોઈ રહી હતી.

માએ તેને પણ આંખો બંધ કરવા કહી દીધું. પછી ત્યાં શું થયું તેની કોઈને કશી જ ખબર પડી નહીં. પણ જ્યારે પતિએ બધાંને આંખો ખોલી નાખવા કહ્યું, ને સહુએ આંખો ખોલી જોયું તો મા હજુ કાલીની મૂર્તિની સમીપ બેઠેલાં હતાં.

જાણે લાવણ્યમયી, આનંદમયી રાજરાજેશ્વરી પૂજા સ્વીકારવા દિવ્ય લોકમાંથી ધરતી ઉપર ઊતરી આવ્યાં હતાં!

આખું શરીર ફૂલોથી ઢંકાઈ ગયું હતું. ફૂલો ને બીલીપત્રોથી પતિ માની પૂજા કરી રહ્યા હતા. બધાએ એય જોયું કે ભક્તજનમાંના વકીલ વૃંદાવનચંદ્ર બાસાક મૂર્ચ્છાવસ્થામાં જમીન પર પડેલા છે. ભાનમાં આવતાં જ મુખમાંથી નીકળેલા શબ્દો સૌએ સાંભળ્યા : ''માના મુખમંડલ પર મહાપ્રકાશમય જ્યોતિ જોઈ હું તો બેભાન બની ગયો.''

આમ, તે દિવસની પૂજા વિશિષ્ટ બની રહી.

હવનને અંતે માએ કહ્યું : ''પૂર્ણાહુતિ અપાશે નહીં. યજ્ઞનો અગ્નિ રાખી મૂકો.'' માના આદેશથી યજ્ઞાગ્નિ ત્યાં સાચવ્યો. પછી ત્યાંથી રમણાશ્રમમાં લઈ જવાયો. ત્યાં વરસો સુધી સચવાયો. બીજે દિવસે મૂર્તિવિસર્જન કરવાનું હતું.

ત્યારે નિરંજનબાબુનાં પત્નીએ કહ્યું : ''મા, આવી સુંદર મૂર્તિનું વિસર્જન કરતાં ખૂબ દુઃખ થાય છે.''

માએ તેના મુખ સામે જોઈ કહ્યું : ''તમારા મુખમાંથી આ વચનો નીકળી પડ્યા છે એટલે સંભવ છે કે, મૂર્તિ જ વિસર્જન ઈચ્છતી નથી. ભલે રહી! વિસર્જન નહીં કરીએ. પૂજાનો બંદોબસ્ત કરીશું.'

પછી દરરોજ પૂજા થાય તેવી વ્યવસ્થા કરી. માને મન મૂર્તિઓ જીવંત હતી. એકવાર ભક્તોને કહ્યું હતું : ''મારા-તમારા દેહની માફક દેવ-દેવીઓના પણ દેહ હોય છે. ભક્તિભાવની દૃષ્ટિ હોય તો તેનાં દર્શન થઈ શકે છે.''

મૂર્તિ જેનું પ્રતીક છે તે દેવતા કે શક્તિ સાથે તાદાત્મ્ય સાધી શકાય છે એ દર્શન કાલીપૂજા નિમિત્તે કરાવી મૂર્તિપૂજાનું રહસ્ય પ્રત્યક્ષ ઉદાહરણ દ્વારા સમજાવી દીધું.





## 'બલિ આપશો નહીં !'

આશુતોષની માએ સ્વપ્નમાં કાલીપૂજા કરી એથી એમને હવે સાચેસાચ કાલીપૂજા કરવાની ઈચ્છા જાગી.

તેમણે પૂજાનું આયોજન કર્યું ને માને નિમંત્રણ આપ્યું.

પૂજાદિને મા આવ્યાં ત્યારે કોઈએ માને લાલ સાડી ભેટ આપી.

આ સાડી માથા નીચે મૂકી મા સૂઈ ગયાં.

ભોળાનાથે પૂજા પૂરી કરી.

પૂજા પછી બકરાના બલિની વ્યવસ્થા પણ રાખી હતી.

ભોળાનાથ તલવાર લઈ બલિ આપવા ગયા. એટલામાં તો સૂતેલાં મા એકદમ ઊભાં થયાં ને દોડીને બકરા પાસે ગયાં.

બકરાને ગળે હાથ વીંટાળી બેસી ગયાં.

ચહેરો આગથી તમતમી રહ્યો હોય એવો લાગતો હતો.

બલિ માટે સજ્જ પતિ સામે જોઈ કહ્યું: ''બલિ ન આપશો.''

આ શું કહી રહ્યા છે મા ? બધાં સ્તબ્ધ બની એકમેક સામે જોવા લાગ્યાં. કેમ કે, પૂજા પછી બલિ તો આપવો જ જોઈએ. નહીંતર મા કાલી કોપાયમાન થાય તો યજમાન પર દુઃખના ડુંગરો તૂટી પડે એવી લોકમાન્યતા હતી.

છતાં માએ તો બલિની સ્પષ્ટ ના પાડી દીધી! હવે શું થાય ?

માનો ચહેરો જોતાં સમજાવવાની હિંમત ચાલે તેમ નહોતી.

પતિનીયે નહીં. માના હાથ વીંટાયેલા હતા એટલે પતિએ વધ કરવા ઉગામેલી તલવારને નીચી કરી ફેંકી પણ દેવી પડી; કેમ કે, માની મક્કમતાને એ જાણતા હતા.

સમગ્ર હવનમાં સન્નાટો છવાઈ ગયો. હવે મા શું કરશે એની પ્રતીક્ષામાં અદ્ધર શ્વાસે અવાક્ બની બધાં ઊભા રહ્યા.

ત્યાં તો માએ આશુને બોલાવ્યો. મસ્તક નીચે જે લાલ સાડી રાખી હતી તે હાથમાં આપી કહ્યું: ''આ પહેરી અહીં આવ.''

સાડી પહેરીને એ આવ્યો. પછી માએ કપાળમાં કંકુનો ચાંદલો કર્યો. આશુની માને કહ્યું, ''તમારા દીકરાનો ત્યાગ કરી શકશો તમે ?''

આશુની ભક્તિમતી મા, માની શક્તિથી પરિચિત હતાં; એટલે અચકાયા વગર તત્ક્ષણ ઉત્તર આપ્યો :

''મા, તમારી ઈચ્છા હશે ને કહેશો તો તેમ કરીશ.''

મા પ્રસન્ન થયાં. કહ્યું: ''પણ એ કંઈ તમારા એકલાનો દીકરો નથી. એનો બાપ (યતીન્દ્રનાથ) ત્યાગ કરશે ?''

આમ કહીને હસવા લાગ્યાં. પછી આશુને કહ્યું:

''આ બકરાને ઊંચકી મારી સાથે ચાલ.''

આજ્ઞા પ્રમાણે આશુ પાછળ ચાલવા લાગ્યો. મા હવે શું કરશે એ કોઈ કળી શકે તેમ નહોતું. શું ખરેખર બકરાના બલિને બદલે મા આશુનો બલિ ઈચ્છે છે ? અને એટલે જ તો ત્યાગ કરવાનું પૂછ્યું ને ? બધાનાં મનમાં આવા અનેક તરંગો ઊઠતા રહ્યા.

કુતૂહલવશ બધા મા ને આશુની પાછળ પાછળ ચાલવા લાગ્યાં.

ચલતાં ચાલતાં મા મેદાનમાં આવ્યાં.

આશુને કહ્યું: 'આ બકરાને અહીં છોડી મૂક.'

બકરો છૂટો થતાં બકરાના શરીર પર માએ પગ ફેરવ્યો.

કૃપા-સ્પર્શથી બકરાની યોનિમાંથી જાણે મુક્ત કરાવતાં ન હોય!

પછી શાહબાગ તરફ ચાલવા લાગ્યા. બધાં પણ માની પાછળ પાછળ ચાલવા લાગ્યાં.

આશ્ચર્યની વાત તો એ બની કે છૂટો મૂકેલો બકરો પણ માની પાછળ પાછળ ચાલવા લાગ્યો. આશુનેય માએ છૂટો કરી દીધો. ફરી આવીને મા પૂજા સ્થળે બેઠાં તો બકરોય આવી મા પાસે બેસી ગયો.

પૂજાવિધિ પૂરો થયો. પ્રસાદ લઈ બધા વિદાય થયાં.

પણ બકરો તો માની પાસે ને પાસે જ બેસી રહ્યો.

ઘણા લાંબા સમય સુધી શાહબાગમાં માની પાસે બકરો રહ્યો.

કીર્તન વખતે ખોળા આગળ બેસી જતો.

રાત્રે માના ખાટલા નીચે સૂઈ જતો.

ત્યાં રહ્યો ત્યાં સુધી આ ક્રમ અખંડિતપણે જળવાયો.

એક રાત્રે ખૂબ ઠંડી હતી ત્યારે માએ કામળો ઓઢાડતાં કહ્યું : ''પૂર્વજન્મે પણ તું કંબલધારી હતો. આ જન્મેય તારા શરીર ઉપર કામળી છે.''

મા પોતે એનું ધ્યાન રાખતાં.

મા પ્રત્યે બકરાનો આવો અપૂર્વ ભાવ જોઈ સૌને આશ્ચર્ય થતું.



સહુ વિચારતા, નક્કી આ બકરો ગત જન્મે કો મહાપુરુષ હશે.

પણ કર્મના કોઈ દોષે આ રૂપે આવવું પડ્યું હશે.

આથી ભક્તો માને આ બકરા વિશે પૂછતા પણ ખરા.

પણ મા એ અંગે કોઈને કંઈ કહેતાં નહિ.

એક દિવસ વાતચીત દરમિયાન માના મુખમાંથી અનાયાસે નીકળી ગયું: ''પૂર્વજન્મમાં એ સંન્યાસી હતો!

આ જન્મમાં કર્મના ફળરૂપે પશુયોનિ મળી, છતાં માનું સાન્નિધ્ય મળ્યું એ પૂર્વજન્મનાં પુણ્યકર્મોનું સુફળ હતું. માના સાન્નિધ્યમાં હૃષ્ટપુષ્ટ બની ગયો હતો. મા બહારગામ ગયાં ત્યારે તે ક્યાંક ચાલ્યો ગયો તે ગયો. તે પછી પાછો આવ્યો જ નહીં! પણ માના કૃપાસ્પર્શે વધસ્તંભેથી ઊગરી, પશુ હોવા છતાં, આનંદમય, નિર્ભય ને મુક્તજીવન પામ્યો!

આવી જ રીતે, બીજી એકવાર પણ, વધસ્તંભેથી બકરાને બચાવ્યો હતો. ત્યારે ડૉ. શશાંકબાબુને ત્યાં કૌટુંબિક દુર્ગાપૂજા હતી. તેમનાં કુટુંબીજનો ઘેર આવ્યાં હતા. બધા ભાઈઓમાં શશાંકબાબુ મોટા હતા એટલે માએ કહ્યું કે, તેઓ જ પૂજા કરે ને પુરોહિત મંત્ર ભણે.

આ રીતે તેમના પૂર્વજોના વખતથી ચાલી આવતી પદ્ધતિ મુજબ ત્રણ દિવસ પૂજા થતી. ત્રણેય દિવસ બલિ પણ ચઢાવાતો.

આ પૂજામાં આઠમને દિવસે ડૉ. શશાંકના કલ્યાણાર્થે ખાસ બલિ પણ ચઢાવાતો. પ્રણાલી પ્રમાણે બે બકરાના બલિની વ્યવસ્થા કરી હતી. પૂજાવિધિમાં મા હાજર હતાં. કૌટુંબિક પૂજાના બલિ માટે સુરેન્દ્રનાથ મુખોપાધ્યાય બલિ આપવા મા દુર્ગાની પ્રતિમા પાસે જવા લાગ્યા. ત્યાં તો મા એકાએક ઊભા થઈ ગયાં. બે ખંડની મધ્યના બારણાની વચ્ચે જઈ ઊભાં રહ્યાં. આ બાજુ બકરાની ડોક ઉપર સુરેન્દ્રનાથની તલવાર વીંઝાઈ. પણ જેવી તલવાર વીંઝાઈ ને બકરાની ગરદન ધડથી જુદી જ થઈ ગઈ એમ બધાંને લાગ્યું ત્યાં તો વીજળીની ઝડપે બકરો ખસી ગયો ને તલવારનો ઘા ખાલી જ ગયો!

આવું થતાં ત્યાં રહેલા બધા 'મા, મા, રક્ષા કરો. રક્ષા કરો'ની બૂમો પાડવા લાગ્યા.

ઘરમાં તો જબરો કોલાહલ મચી ગયો. આવું તો ક્યારેય થયું નહોતું. ભારે અપશુકન કહેવાય, અમંગળની એંધાણી ગણાય. હવે શું થશે ? મા કોપાયમાન થશે. હાજર રહેલાં સહુ ભયભીત અને ચિંતાતુર બની ગયાં. સૌના ચહેરા ઉપર વ્યગ્રતા છવાઈ ગઈ.

આ બધા વચ્ચે, બારણામાં ઊભેલાં મા જ શાંત, સ્થિર અને આનંદની પ્રતિમા સમા નિશ્ચલ હતાં.

ભોળાનાથ તો ખૂબ જ વ્યગ્ર હતા. વિચારવા લાગ્યા કે આવા મંગલ પ્રસંગે આમ બન્યું જ કેમ ? તેઓ ઊભા થયા ને મા દુર્ગાની પ્રતિમા પાસે જઈ અંજલિ મૂકી ને સુરેન્દ્રમોહનના હાથમાંથી તલવાર લઈ લીધી. તેમણે પોતે તે બકરાને તો વધેરી જ નાખ્યો. ત્યારે તો મા બારણાની વચ્ચે જેમ ઊભાં હતાં તેમ જ ચૂપચાપ સ્થિર ઊભાં રહ્યાં.

બીજા બકરાનું બલિદાન દેવાનું હતું.

હવે તો એનેય પતિ જ એક ઝાટકે જ વધેરવાના હતા.

હાથમાં ખુલ્લી તલવાર હતી. વધેરવા તલવાર ઉગામી ત્યાં તો પાંપણના પલકારામાં મા દોડી ગયા ને બકરાને ગળે વળગી પડ્યાં.

ઉગામેલી તલવાર પતિના હાથમાં ફરી થંભી ગઈ.

બોલ્યા : 'આ શું ?'

માએ કહ્યું : 'મારા હાથ કાપ્યા વગર બકરાને વધેરી શકશો નહીં.'

હવે પતિએ તલવાર મૂકી દીધી. પછી બકરાને વધસ્તંભેથી પાછો લઈ જવાયો. માએ આખા શરીરે હાથ ફેરવ્યો.

બકરો પણ માનો કૃપાસ્પર્શ મેળવી, મૃત્યુસ્તંભેથી નવજીવન પામી, નાચતો-કૂદતો ચાલ્યો ગયો !

માએ સર્વને કહ્યુ: ''શશાંકબાબુના કલ્યાણાર્થે દર વરસે જે વિશેષ બલિ અપાય છે તે હવેથી નહિ અપાય. શશાંકબાબુ અને તેમનાં સંતાનોનાં કલ્યાણની જવાબદારી માએ સ્વયં ઉઠાવી લીધી હોય ત્યાં પછી આવા બલિની જરૂર જ ક્યાંથી રહે ? આથી માએ તો એ બંધ કરાવી જ દીધો. પરંતુ સમગ્ર કુટુંબ માટે પરાપૂર્વથી અપાતા બલિ માટે કહ્યુ: ''આ અંગે કુલગુરુને પૂછી એ કહે તેમ કરો.''

કુલગુરુએ બલિ ચાલુ રખાવ્યો. પરંતુ માનું શરણ લેનારનું રક્ષણ મા જ કરી રહ્યાં હતાં. એથી ન તો વિશિષ્ટ પૂજાની જરૂર હતી કે ન કોઈ બલિની, એની પ્રતીતિ માએ ડૉ. બાબુ અને દીદીને આ રીતે કરાવી આપી અને બલિદાનના ક્રૂર રિવાજોને પરાપૂર્વથી ચાલી આવતી રૂઢ માન્યતાઓમાંથી મુક્ત કરી નવું જીવન બક્ષ્યું.





## હરિ-લૂંટના પ્રસાદની અનોખી ભક્ત

મા નો કૃપાસ્પર્શ પામનારાં જાતને ભૂલી આનંદરસમાં તરબોળ બની જતાં- પછી તે મનુષ્યો હોય કે પશુ પક્ષી હોય. માના સાંનિધ્યમાં પશુઓની આંતરચેતના પણ ખીલી ઊઠતી. સ્વભાવ ને પ્રકૃતિના ગુણધર્મને ભૂલી ભક્તો જેવો વ્યવહાર કરવા લાગતાં.

એ અંગેનાં ઘણાં ઉદાહરણો માના અંતેવાસીઓએ જોયાં છે.

આવા ભક્તની વાત માએ પોતે જ કરી હતીઃ 'શાહબાગમાં અમારે ત્યાં એક કૂતરી ક્યાંકથી આવી ચઢી. કીર્તનને સમયે હું શાહબાગના નાચઘરમાં બેસતી, ત્યારે એ મારી પાસે આવતી. મારા ખોળામાં માથું મૂકી કીર્તન સાંભળતી. તે કાળે ભાવાવેશમાં મંત્રો સ્ફુરતા અને અનાયાસે પ્રગટતા. એકાગ્ર થઈ એ મારા મંત્રો સાંભળતી. ઘણી વાર કૂદકા મારતી અને હર્ષથી ચીસો પાડતી.

હરિલૂંટ થતી ત્યારે કૂદીને પતાસાં ઝીલતી અને ખાતી.

કીર્તન પૂરું થતાં ઊભી થઈ, શરીર ખંખેરી, પ્રસાદ લેવા જતી.

આખો દિવસ કોઈની નજરે ન પડતી.

છતાં રાત્રે કીર્તનમાં આવી જતી.

શિયાળામાં વિયાઈ. બે ત્રણ ગલુડિયાંને જન્મ આપ્યો.

હવે કીર્તનમાં નહીં આવી શકે એમ બધાંને લાગ્યું. પણ એ તો સમયસર હાજર થઈ ગઈ. કીર્તનની સમાપ્તિ સુધી મારા ખોળામાં માથું મૂકી કીર્તન સાંભળતી રહી. વચ્ચે વચ્ચે કીર્તનમાં સામેલ પણ થઈ હરિલૂંટનો પ્રસાદ ખાઈ ચાલી ગઈ. થોડા દિવસ આમ ચાલ્યું.

ઋણાનુબંધ પૂરું થતાં સદા માટે વિદાય થઈ ગઈ!

માના સાંનિધ્યમાં મનુષ્યેતર પ્રાણીઓ પણ હરિરસનો આસ્વાદ લઈ જન્મ સાર્થક કરી શકતાં !



# 'એ સાજો નહીં થાય !'

"મા, મારો દીકરો બહુ માંદો છે, ઘેર પધારી જોઈ જાઓને."

"ત્યાં આવી હું શું કરીશ ? કંઈ વળવાનું તો છે નહિ."

અતુલ્યદત્તની પત્નીને માએ આમ કહી દીધું. તોપણ દુરાગ્રહ ચાલુ જ રહ્યો. કોઈ પણ ઉપાયે લઈ જવા ઈચ્છતાં હતાં. આથી ભોળાનાથને આજીજી કરી.

ભોળાનાથ તો બીજાનાં દુઃખ જોઈ તુરત જ દ્રવિત થઈ જતા.

એમણે માને કહ્યુ : "તમારે અતુલ્યબાબુને ઘેર જવું પડશે."

"જવાથી શું વળશે ? એ છોકરો કંઈ બચવાનો નથી"

આવી વાત સાંભળી જ્યોતિષબાબુએ કહ્યું: "આમ જ થવાનું હોય તો તો ન જવું સારું. એથી તો ઊલટું માનું નામ બદનામ થશે. મા જે કહે છે તે તેમના કોઈ સગા મારફત કહેવડાવી દેવું જોઈએ."

પણ ભોળાનાથે જ્યોતિષબાબુની વાત માની જ નહીં. માને ત્યાં લઈ જઈને જ જંપ્યા. અતુલ્યબાબુનો પુત્ર તો ક્ષયનો દરદી હતો. યુવાન હતો. એમ.એ.માં ભણી રહ્યો હતો. એવું ધારતા હતા કે માના કૃપાસ્પર્શથી સાજો થઈ જશે. મા કંઈ બધા રોગીઓને જોવા જતાં નહીં, પણ પતિના આગ્રહથી ક્યારેક ઈચ્છા વિરુદ્ધ જવું પડતું. કહેતાં : "ઠીક છે, એમને લાગે કે જરૂર છે, માટે મારે જવું જોઈએ. કોઈ જીવે કે મરે, બધું જ સરખું છે. કદાચ મરી જાય એની પાસે પણ જવાની જરૂર રહે ખરી."

માએ પતિને અને નજીકના ભક્તોને બધાંને કહી દીધું હતું : "અમુકને સાજો કરી દો, એવો આગ્રહ કરશો નહિ. કોનું ખરાબ કરવાનું છે ? બધાંને જ બચાવી લેવાના હોય તો કોઈનું ય મૃત્યુ નહીં થાય. એ તે કેવી વાત! સૌ-સૌએ પોતપોતાનાં કર્મનાં ફળ ભોગવવાનાં હોય છે ને એ તો ભોગવવાં જ જોઈએ. એમાં અંતરાય નાખવો ઠીક નહીં. દુરાગ્રહ કરવાથી વિપરીત પરિણામ આવે છે."

માએ આવી સ્પષ્ટ ચેતવણી આપી હોવાથી, આવી બાબતમાં ભક્તો માને દુરાગ્રહ કરતાં નહીં. પણ ભોળાનાથની વાત જુદી જ હતી. પરગજુ સ્વભાવ પ્રમાણે, માની ઈચ્છા ન હોય તો પણ, ક્યારેક આવી બાબતમાં ફરજ પાડતા. પણ પછી પરિણામ વિપરીત જ આવતું.



અતુલ્યબાબુના ઘેરથી આવ્યા પછી, એમના પુત્ર વિશે મા કંઈજ બોલ્યાં નહીં. પણ પછી છોકરાની મા આવીને કરગરવા લાગી ત્યારે માએ કહ્યું: "જે થવાનું છે તે થઈને જ રહેશે. એમાં હું શું કરી શકું ?"

"મા, તમે કૃપા કરો તો એ જરૂર બચી જશે."

"હું તમને જે નિયમ કહું એ તો તમે પાળી શકવાનાં નથી. પછી સાજા થવાની વાત જ ક્યાં રહી ?"

"મા, તમે જે નિયમ કહેશો તેનું બરાબર પાલન કરીશું."

"એમાં બિલકુલ સહેજ પણ ચૂક થવી ન જોઈએ."

"મા, બિલકુલ ચૂક નહીં થાય."

'તો સાંભળો. અઢાર દિવસ સુધી પથારીમાંથી બિલકુલ ઊભા થવા ન દેશો.'

'ભલે.' મા પાસેથી નિયમ લઈ અતુલ્યબાબુના પત્ની આશાભર્યાં ઘેર આવ્યાં. પછી પુત્રને પથારીમાંથી બિલકુલ ઊભા થવા ન દેતાં.

ધીમે ધીમે છોકરો સાજો થવા લાગ્યો. તબિયત સારી થઈ ગઈ.

પણ એક દિવસ તબિયતે ઊથલો ખાધો. તેની માતાએ મા પાસે આવી સઘળી વાત કરી ત્યારે માએ કહ્યું: "તેને પથારીમાંથી ઊઠવા કેમ દીધો ? તે ઓરડાની બહાર ગયો હતો."

માએ આ વાતનો વિરોધ કર્યો. કેમ કે, તે કંઈ જાણતી નહોતી.

આખરે એ મરી ગયો ત્યારે તેની મા આક્રંદ કરતી મા પાસે આવી કહેવા લાગી : "તમારા નિયમનું પૂરું પાલન કરવા છતાં મારો દીકરો મરી ગયો."

પછી તે ઘણો જ બબડાટ ને કકળાટ કરવા લાગી.

મા ઉપરથી તેનો વિશ્વાસ ઊઠી ગયો.

થોડા સમય બાદ તેને ખબર પડી કે દીકરો બહાર ઓટલા ઉપર ગયો હતો ને ત્યાં કોઈની સાથે કેટલોય સમય વાત કરી હતી. આ હકીકત જાણતાં ખૂબ દુઃખ થયું. પછી મા પાસે આવી ક્ષમા માગવા લાગ્યાં. માએ સાંત્વન આપી કહ્યું: "જુઓ, પહેલેથી જ કહ્યું હતું કે જે બનવાનું હોય છે તે બને જ છે. તમારાથી નિયમ પળાવાનો નથી અને છોકરો બચવાનો નથી. એટલે જ કહું છું કે મને વધારે દબાણ કરવાથી કંઈ સારું ફળ આવવાનું નથી."

પછી માએ પુત્રવિયોગી માતાને શાંત ને સ્વસ્થ કરી.

એ પછી રોગીઓને સાજા કરવાની બાબતમાં પતિએ આગ્રહ કરવો છોડી દીધો.



# 'ત્યારે તો હું જાઉં છું!'

તે દિવસે મા ને ભોળાનાથ સિદ્ધેશ્વરીના મંદિરેથી પાછા શાહબાગ આવી રહ્યાં હતાં. ભોળાનાથના મનમાં નોકરીની ચિંતા હતી એટલે માને કહ્યું: ''આ તે કેવી વિચિત્રતા! તું આટલાં સાધન-ભજન કરે છે તોય મારી નોકરીની અનિશ્ચિતતા હજુયે ગઈ નથી! જેના ઘરમાં આવી ઉચ્ચ યૌગિક અવસ્થાવાળી સ્ત્રી હોય તેને આટલું બધું દુ:ખ કેમ ?''

જેવું મા ને આ કહ્યું ત્યાં તો માની સ્થિતિ એકદમ ચિત્રવિચિત્ર બની ગઈ. વરસાદ વરસતો હતો.

મા તો વરસતા વરસાદમાં એમ ને એમ બસ ચાલી જ નીકળ્યાં!

બહાર નીકળીને ખૂબ ઝડપથી ચાલવા લાગ્યાં.

ભોળાનાથ પણ પાછળ પાછળ ગયા.

સમીપ જઈ પહોંચ્યા ત્યારે માનો તો એ જ ભાવ હતો.

તેઓ મોટેથી બોલ્યા: ''ત્યારે તો હું જાઉં છું!''

પતિએ ખૂબખૂબ સમજાવ્યાને માંડ માંડ સિદ્ધેશ્વરી પાછા લાવ્યા.

ફરી એકવાર પતિએ મા આગળ નોકરીની ચિંતા વ્યક્ત કરી, ત્યારેય માની સ્થિતિ એકદમ બદલાઈ ગઈ.

શરીરમાંથી જાણે ચેતન જ ચાલ્યું ગયું હોય એવી દશા થઈ ગઈ!

ભોળાનાથ વિહ્વળ બની ગયા. માને બાહ્ય ભાન આવ્યું ત્યારે પતિને કહ્યું: ''હજુ ત્રણચાર વરસ આ શરીરની સંભાળ રાખો.''

પછી તો આ પ્રકારની સાધનાઓ પૂરી થતાં આ બધા ભાવોનું શમન થઈ ગયું. પણ ત્યાં સુધી જ્યાં શરીર જ સ્વનિયંત્રણમાં ન હોય એવી ભાવસ્થિતિમાં શરીરનું ધ્યાન રાખવાની કામગીરી માએ પતિને સોંપી હતી. તેમણે એ સારી રીતે બજાવી પણ હતી. પરંતુ ઉગ્ર અને પરગજુ સ્વભાવને લીધે માને ઘણીવાર સહન કરવું પડતું હતું.

દીદી લખે છે : ''ઘણી વાર જોયું છે કે પતિ અમુક વસ્તુ કરવાની ના પાડે ત્યારે એ કરતાં નહીં. પણ તે વખતે એમના શરીરની સ્થિતિ ભયજનક થઈ જતી



હતી. આથી ખાસ કારણ સિવાય પતિ કશી મનાઈ કરતા નહીં. પતિ ક્રોધ કરતા તોપણ માના શરીરની સ્થિતિ વિચિત્ર થઈ જતી. તે વખતે એવું લાગતું કે જાણે માનો દેહ છૂટી જશે કે શું ? એટલે ધીમે ધીમે પતિનો ક્રોધ પણ શાંત થઈ ગયો. પહેલેથી જ માની બધી અવસ્થા જોઈ હતી. એટલે એમના શરીરની રક્ષા માટે એમને પોતાને પણ ઘણું જ સહન કરવું પડ્યું.'





## 'શરીરમાં પાછા આવવાની જરૂર છે!'

તે વખતે મા પ્રાણગોપાળ બાબુને ઘેર દેવગઢમાં હતાં. કીર્તન પણ નહોતું થતું કે માને ભાવાવેશ આવી જાય. પણ બસ બેઠાં બેઠાં જ શરીર કાળું પડવા લાગ્યું. બાહ્ય ભાન ચાલ્યું ગયું. ડૉ. શશાંકબાબુ પણ ત્યાં હાજર હતા. નાડી તપાસી તો કંઈ ઠેકાણું ન હતું. તેઓ તો ગભરાઈ ગયા. ભોળાનાથ ને દીદી તો નામસ્મરણ કરવા લાગ્યાં. પોતાની આવી સ્થિતિ વિશે માએ જ કહ્યું હતું : ''આવી અવસ્થામાં ફરીથી શરીરમાં આવીશ એવો ખ્યાલ પણ રહેતો નહીં. જાણે બધું પતી ગયું હોય એમ લાગે, પણ તમારી વ્યાકુળતા આ શરીરમાં પાછી આણે છે.''

પણ તે દિવસે તો માની આવી મૃતપ્રાયઃ સ્થિતિ લાંબો સમય રહી. આ સ્થિતિમાં શું કરવું તે વિશે પણ માએ બધાંને કહી રાખ્યું હતું, જેથી બધાં ગભરાયા વગર સ્વસ્થતાથી ભગવન્નામ લઈ શકે. તેમણે કહ્યું હતું કે જ્યારે એવું લાગે કે શરીરમાં બિલકુલ ચેતન નથી જણાતું ત્યારે મારા શરીરના કોઈ પણ ભાગ ઉપર હાથ રાખી નામસ્મરણ કરવું.'' આથી દીદી માનાં ચરણ ઉપર હાથ મૂકી નામસ્મરણ કરવા લાગ્યાં. માએ આ સંદર્ભમાં એમ પણ જણાવ્યું હતું કે, ''મારા શરીરના કોઈ પણ ભાગને સ્પર્શ કરી નામસ્મરણ કરો એટલે શરીરમાં પાછા ફરવાનો 'ખ્યાલ' જાગશે.

ત્યારે પણ બધાં નામસ્મરણ કરી રહ્યાં હતાં. છતાંય સ્વાભાવિક સ્થિતિ પાછી આવતી નહોતી. શ્વાસ જોરથી ચાલવા લાગ્યો. શરીર લાકડા જેવું બની ગયું. દીદી જોરથી શરીર ઘસવા લાગ્યાં, જેથી તેમાં ગરમી આવે ને ચેતનાનો સંચાર થાય. પણ કંઈ જ અસર થતી નહોતી. આખરે, લાંબા સમય પછી, ધીમે ધીમે ચેતનાનો સંચાર થયો. તે પછી બહુ વારે પૂર્વવત્ બન્યાં. આવું તો ઘણીવાર બનતું. 'શરીરની આવી સ્થિતિ કેમ થઈ જતી હતી ?' આ પ્રશ્નના ઉત્તરમાં માએ પાછળથી જણાવ્યું હતું: ''ઘણા દિવસો પહેલાં આ ભાવે બહાર જવા પતિની પરવાનગી માગેલી, પણ તેમ કરવા તે રાજી નહોતા, તેથી બહાર નીકળતી નહોતી. પણ શરીરની આવી સ્થિતિ થઈ ગઈ એનું એ જ કારણ.''

પણ પછીથી કુલવધૂરૂપે કરવાની સાધના ને આજ્ઞાપાલકતાનો માનો કાળ પૂરો થયો. અંતઃપ્રેરણા દ્વારા જ સીધાં કાર્યો કરવા લાગ્યાં ત્યારે આવી સઘળી સ્થિતિ અદશ્ય જ થઈ ગઈ.





## 'સંસાર જ મને છોડી દે છે!'

બાર વર્ષને દશ માસની ઉમ્મરે મા સાસરે આવ્યાં.

તે પછીનાં બાર વર્ષનો કાળ સંસારની વચ્ચે રહી કરવાની સાધનાનો ગાળો હતો. બાર વર્ષનું આ આકરું તપ હતું.

આ તપ વિવિધ પ્રકારના લોકોની વચ્ચે, વિવિધ સ્થળે, અનોખી રીતે કર્યું હતું. સાસરે આવ્યાં પછી ચાર વર્ષ તો જેઠ-જેઠાણી સાથે નાની વહુ બનીને રહ્યાં. જેઠના મૃત્યુ બાદ છ મહિના આટપાડા ને છ મહિના વિદ્યાકૂટ રહ્યાં. પછી અઢાર વર્ષની વયે અષ્ટગ્રામમાં આવ્યાં. એક વર્ષ ને ચાર માસ ત્યાં રહ્યાં. પછી ત્રણ વર્ષ વિદ્યાકૂટ રહ્યાં. ત્યારબાદ બાજિતપુરમાં આવ્યાં, જ્યાં સાધનાનો જુદો જ ખેલ શરૂ થયો. ત્રણ વરસ ત્યાં રહી શાહબાગ આવ્યાં. આમ, પચ્ચીસ વર્ષ સુધીમાં તો ગૃહવધૂની સઘળી સેવા-સાધનાની સાથે પરમતત્ત્વ સાથેની તદ્રૂપતા સિદ્ધ કરી લીધી. શરીરની વિવિધ અવસ્થાઓ વિશે ભક્તોને કહ્યું હતું: ''આ શરીર નાનપણમાં જે રીતે સીધું ને સરળ હોવું જોઈએ એવું હતું. પછી વહુ બનતાં જેવું બનવું જોઈએ એવું બન્યું. જાણે હું બધુ જોતી હતી. જ્યારે જેવી જરૂર હોય તેવી આપોઆપ બની જતી. કીર્તન વખતે શરીર પડ્યું રહેતું ત્યારે હું જોતી કે શરીર પડેલું છે. હું જાણું છું કે નાનપણમાં જેમ ખેલકૂદ કરતી એ જ રીતે પછી આ શરીરમાં યૌગિક ક્રિયાઓ થઈ જતી હતી. એક-પછી-એક ખેલ થયા કરે છે. આ શરીરનું જે પ્રયોજન હોય છે તે હોવા છતાં, એક સ્થિતિ એવી હોય છે, જેમાં કોઈ પણ વિષય અજ્ઞાત રહેતો નથી. તેથી બધા જ વિષય સમજવાનું શક્ય ને સરળ બની જાય છે.''

માના જીવનમાં જે જે વસ્તુની જરૂર ઊભી થઈ તે બધું સહજપણે મળતું રહ્યું. એવું જ સાધનામાં પણ બન્યું. ન કોઈ ગુરુ હતા, ન કોઈ શાસ્ત્રપ્રમાણ, ન કોઈ સાથસંગાથ કે ન સાધનાને સાનુકૂળ સ્થિતિ. છતાં ધ્યાન, ધારણા, સમાધિ, આસનો, પ્રાણાયામ, યોગમુદ્રાઓ, કુંડલિની યોગ, બધું જ પોતાની અંદર સિદ્ધ કર્યું અને તેય સંસારની વચ્ચે રહીને. પ્રારંભમાં તો ઘરકામ કરતાં કરતાં નામસ્મરણ ને સાધના કરતાં. પછી તો અધિકાધિક અંતર્મુખ જ રહેવાં લાગ્યાં. આ સ્થિતિમાં બહારનાં કામકાજ શક્ય

બનતાં નહીં. રસોઈ કરતાં કરતાં ભાવમાં એવાં સ્થિર થઈ જતાં કે એમના હાથ વાંકા વળી જાય. ત્યારે રસોઈ તો બાજુએ રહી જતી, પણ બીજાએ એમને સંભાળવા પડતાં. આથી એક દિવસ કહ્યું: "હું સંસારને છોડતી નથી, સંસાર જ મને છોડી દે છે. જાણે આ બધાં જ કાર્યો મને છોડી દે છે એવું લાગે છે."

આ રીતે માનાં સઘળાં બાહ્ય કાર્યો એક-પછી-એક છૂટવા લાગ્યાં.

સ્વામી-સેવાનું કાર્ય પણ એ જ રીતે છૂટી ગયું.

તે રાત્રે મા પતિના પગ દબાવી રહ્યાં હતાં. પતિએ જ માને આજ્ઞા કરી હતી. તેથી પગ દબાવવા લાગ્યાં. પણ એમ કરવા જતાં હાથ વાંકા વળી જતા હતા. આથી બરાબર પગ દબાવી શકતાં ન હતાં. પતિ તો ખાટલામાં સૂતા હતા. આથી માની શારીરિક સ્થિતિનો બિલકુલ ખ્યાલ નહોતો. સૂતાં સૂતાં જ કહ્યું: "જરા જોરથી દબાવોને!"

પણ વાંકા હાથેથી મા વજન આપી શકે તેમ ક્યાં હતાં ? તેમનાથી આ થઈ શકતું જ નહોતું. એટલે નાના બાળકની માફક મોટેથી રડવાં લાગ્યાં. પછી કહ્યું: "પણ મારાથી જરાય જોર કરી શકાતું નથી, એ તમારા ખ્યાલમાં આવતું નથી."

આ સાંભળીને અને રડતાં જોઈને પતિ તુરત જ પથારીમાં બેઠા થઈ ગયા: "કંઈ વાંધો નહીં. હવે દબાવવાની કશી જ જરૂર નથી."

પણ આ શબ્દો સાંભળવા મા ત્યાં ક્યાં હાજર હતાં ? રડતાં રડતાં જ સમાધિમાં ડૂબી ગયા. આખી રાત એ ચાલુ રહી. એ પછી તો આ સેવાકાર્ય પણ સહજ રીતે છૂટી ગયું. પરંતુ સંસારના સઘળા સંતાપના સુખ દુઃખના સ્વાનુભવોમાંથી પસાર તો થવું જ પડ્યું હતું. પરબ્રહ્મ પોતે પણ માનવદેહ ધારી પૃથ્વી પર આવે તો, માનવપ્રકૃતિનો સઘળો બોજો પણ ઉઠાવવો પડે, અને તો જ તે માનવપ્રકૃતિને દિવ્યતામાં પલટાવવાનો અને સંસારમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ શોધી શકે.

માના જીવનમાં પણ આ જ ક્રમ જોઈ શકાય છે.





## માનો ફોટો પાડ્યો

હવે તો જુદી જુદી ભાવ મુદ્રાઓમાં માના અસંખ્ય ફોટાઓ પ્રાપ્ય છે. પણ શાહબાગમાં હતાં ત્યારે તો બહુ જ ઓછા ફોટા લેવાયા હતા.

તે સમયે દુર્ગાપૂજાના દિવસો હતા. અષ્ટગ્રામથી શશી ભૂષણદાસ ગુપ્તા શાહબાગ આવ્યા હતા. તેમની આંતરિક ઈચ્છા હતી કે, માનાં દર્શન કરી જુદા જુદા ભાવમાં ઘણા ફોટાઓ લેવા. આથી કેમેરા પણ સાથે લાવ્યા હતા. માના ફોટા માટે સંમતિ આપવા પતિને વિનંતી પણ કરી. સ્વીકૃતિ મળતાં ફોટાનો દિવસ પણ નક્કી કરી લીધો. પરંતુ તે દિવસે તો મા સવારથી એકાંત ઓરડામાં ચાલ્યાં ગયાં.

અટલબાબુનાં પત્નીને બહાર બેસાડી કહ્યું:

"કોઈનેય અંદર આવવા ન દેશો."

એકાંતમાં જઈને સમાધિમાં એ લીન થઈ ગયાં. આ બાજુ પતિ તેમની યોજના મુજબ, જ્યોતિષબાબુ અને શશીભૂષણને લઈને આવી પહોંચ્યા. પતિને એમ કે ફોટો પાડવો છે એમાં શી મોટી વાત છે ? માને બેસવાનું કહી દઈશું. પછી ફટાફટ ફોટો પડી જશે. પાંચ મિનિટનું ટચુકડું કામ છે! માના ફોટાઓ પાડવાની તક મળી એથી શશીભૂષણ પ્રસન્ન હતા. પૂરી તૈયારી સાથે આવ્યા હતા કે માના વિવિધ પ્રકારે અનેક ફોટાઓ પાડી શકાય. પણ મા ક્યાં હતાં કે ફોટો પાડે ? અંદર જવાની તો ખુદ માએ જ મનાઈ કરી હતી. પણ પતિ અંદર ગયા. જોયું તો મા દેહભાવમાં જ નહોતાં. સમાધિમાં સંલગ્ન ને નિમગ્ન. તેઓ થોડા ધૂંધવાયા. પણ ગુસ્સો કરે કોના ઉપર ? માને જગાડવાની કોશિશ કરી. જગાડ્યાં પણ ખરાં. માએ આંખો ઉઘાડી. પણ પાછાં ભાવસમાધિમાં ચાલ્યા ગયાં. પૂરું બાહ્ય ભાન આવ્યું જ નહીં. હવે ફોટો કેવી રીતે લેવો ? માને જગાડવાં એ કંઈ પતિના વશની વાત નહોતી. એ સ્થિતિ એમની આજ્ઞા-આદેશના બહારના પ્રદેશની હતી. ફોટા માટે બેસવાની માને આજ્ઞા કરી, ફોટો લેવડાવી શકશે એવી ખાતરી હતી, પણ ધાર્યા કરતાં પરિસ્થિતિ જુદી જ ઉપસ્થિત થઈ. હવે ફોટા તે જ દિવસે લેવા પડે તેમ હતા; કેમકે, તે

દિવસે સાંજે તો શશીભૂષણ ચાલ્યા જવાના હતા. એટલે પછી પતિએ નક્કી કર્યું કે બાહ્ય ભાન આવે તો ઠીક છે, નહીંતર આ જ ભાવદશાના ફોટાઓ લેવા.

આથી માને પકડીને બહાર લવાયાં. તેમણે ને જ્યોતિષબાબુએ કેમેરાની સામે બેસાડ્યાં. પણ મા તો સમાધિમાં જ નિમગ્ન હતાં. એ સ્થિતિમાં બેસાડી બંને દૂર ખસી ગયા. શશીભૂષણે ફોટાઓ પાડ્યા. ભાવદશામાં હોવાથી, શરીર એકદમ શિથિલ હોવાથી મનનું કોઈ નિયંત્રણ ન હોવાથી, માના ફોટા બરાબર પડતા નથી એવું દરેક વખતે શશીભૂષણને લાગતું હતું. એટલે શશીભૂષણે ફોટાની અઢાર પ્લેટ લીધી ! પણ ખરેખર બધી જ પ્લેટો બગડી ગઈ. માત્ર છેલ્લી પ્લેટનો જ ફોટો આવ્યો. અને તે માની ભાવસમાધિનો અનુપમ ફોટો બની રહ્યો. માની સાધનાની સર્વોચ્ચ સીમા અને સિદ્ધિનું મૂર્તિમંત રૂપ એમાં દેખાય છે. એમાં વિશિષ્ટતા એ આવી કે માના લલાટમાં ચાંદલાની જેમ એક તેજનું વર્તુળ દેખાય છે, અને જ્યોતિષબાબુ માની પાછળ ઊભેલા છે ! ખરેખર તો જ્યોતિષબાબુ ને ભોળાનાથ બંને કેમેરાની પાસે, ફોટામાં ન આવે તે રીતે, માની સામે ઊભા હતા. છતાં જ્યોતિષબાબુ માની પાછળ ફોટામાં આવી ગયા ! આમ કેમ બન્યું ? આ બંને વિલક્ષણ ઘટનાઓ વિશે પાછળથી માને પૂછ્યું ત્યારે સ્પષ્ટતા કરી : 'અંધારી કોટડીમાં આ શરીર પડી રહ્યું હતું ત્યારે ચારે બાજુએ પ્રકાશથી ઘર ભરાઈ ગયું હતું. ફોટો લેવા માટે બહાર લાવીને બેસાડી ત્યારે એ પ્રકાશ હતો. ધીમે ધીમે ઓછો થતાં થતાં એ કપાળ ઉપર ગયો હતો. ત્યારે લાગ્યું કે જ્યોતિષ જાણે પછવાડે ઊભો છે. હવે તેનાથી શું થયું તે તમે જાણો.'

આ ઘટના વિશે દીદી લખે છે : 'આમ માના મનમાં રહેલો એ ભાવ બહુ જ તીવ્ર થઈ જવાથી ઘનીભૂત થઈ સાકારરૂપે બહાર પડ્યો એટલે પ્લેટમાં એવું પ્રતિબિંબ પડ્યું. આ પહેલાં પણ એકવાર ફોટો લેતી વખતે મા ભાવાવસ્થામાં હતાં અને એમનો ડાબો હાથ એકદમ ઊંચો થઈ ગયો. એ ફોટોમાં પૂર્ણ ચંદ્રની આકૃતિનું ચિહ્ન હાથ ઉપર પડ્યું હતું.'

શશીભૂષણ ફોટો પાડતા હતા ત્યારે દરેક વખતે એમનું હૃદય ધડકી ઊઠતું હતું. એમના મનમાં શંકા થતી કે પ્લેટ બગડી જશે તો ? ફોટો સારો નહીં આવે તો ? અને ખરેખર એ શંકા પણ ત્યારે સાકાર બની, અને અઢારમાંથી સત્તર પ્લેટો બાતલ ગઈ.

આ વિલક્ષણ અનુભવ અંગે જ્યોતિષબાબુને ફોટો મોકલતી વખતે એમણે પત્રમાં લખ્યું હતું : "ઉપર જણાવેલો ફોટો લેતી વખતે એકેક સ્લાઈડમાં છ-છ લોડ કરીને,



ત્રણ વાર કરીને બધું મળીને અઢાર પ્લેટો ઉતારી. પહેલી કેટલીક પ્લેટો તો બિલકુલ ઊઠી જ નહીં. કેટલીકમાં પાછળના ભાગમાં પડછાયાની માફક છાયા પડેલી હતી. માત્ર છેક છેલ્લી પ્લેટમાં જ માની છબિ પૂર્ણરૂપે ઊઠી હતી. તમે તો કેમેરાની રેન્જથી ઘણે દૂર હતા અને માની તરફ જોઈને એક્સપોઝર આપવા માટે મને ઈશારો કરતા હતા. દરેક પ્લેટ એક્સપોઝ કરતી વખતે મારી છાતી ધડકી ઊઠતી હતી અને તે દરેક પ્લેટ બગડી ગઈ છે તેમ માની બહુ દિલગીરી થઈ જતી. છેલ્લી પ્લેટ એક્સપોઝ થઈ ત્યારે અપૂર્વ આનંદ થયો. તે વખતે પહેલી જ વાર માનાં ચરણનો આશરો લીધો હતો. આજકાલ આવી ઘટના બની હોત તો મારી શી દશા હોત તે કહી શકતો નથી."

દેહનો પ્રકાશ, જેને તેજોવલય કે આભાચક્ર કહીએ છીએ તે, સાધનાની ઉચ્ચ ભૂમિકાએ પ્રત્યક્ષરૂપે પ્રગટ થાય છે. અને એ પ્રકાશ દેહની આજુબાજુ ઝળહળતો રહે છે; એટલું જ નહીં, દેહના કોઈપણ કેન્દ્રબિંદુમાં એકત્ર થઈ રહેતો હોય છે તેની નક્કર પ્રતીતિ માનો આ ફોટો કરાવે છે. એટલું જ નહીં, આધ્યાત્મિક જગતનું બીજું રહસ્ય, પરમ ચેતનામાં રહેનાર યોગીઓના વિચારો પણ રૂપ ધારણ કરી શકે છે, તે પ્રગટ કરતો માનો આ ફોટો ખરેખર વિલક્ષણ છે.

> **'દિવ્ય'ને સમર્પિત થયેલ કર્મો અને આધ્યાત્મિક સાધનાના વણતૂટ્યા સૂત્ર વડે મનુષ્યે પોતાને બરાબર સુરક્ષિત રાખવો જોઈએ. એમાં કોઈ પણ અવરોધને આવવા દેવો ન જોઈએ. ઈશ્વર સર્વસંપૂર્ણ છે. એમાં કોઈ વિભાજન નથી. એ પ્રકાશની પૂર્ણતા બક્ષે છે.**
>
> **– 'શ્રી શ્રી મા'**



## 'જળદેવતા મને બોલાવે છે!'

દુર્ગાપૂજાના એ દિવસો હતા. દસમને દિવસે કોઈને ખબર ન પડે તે રીતે મા ઘરની બહાર નીકળી ગયાં ને ચાલતાં ચાલતાં તળાવ પાસે આવી પહોંચ્યાં. પછી એકાએક તળાવના પાણીમાં જઈને પડ્યાં.

આ બાજુ બધાં માને શોધવા લાગ્યાં. શોધતાં શોધતાં તળાવની પાળે આવ્યાં ત્યારે ખબર પડી કે મા તો તળાવની અંદર છે !!

મા તો પાણીમાં આનંદથી તરી રહ્યાં હતાં. હવે ભોળાનાથ અને ડૉ. શશાંકબાબુ પણ પાણીમાં પડ્યા ને દશમીનું સ્નાન કરવા લાગ્યા. તેમને બંનેને એમ કે મા તળાવમાંથી બહાર નીકળે એટલે નીકળીશું. પણ ઘણીવાર થઈ ગઈ તોય બહાર નીકળ્યાં જ નહીં.

આથી પતિ બહાર નીકળવા વિનંતી કરવા લાગ્યા. પણ મા તો બહાર નીકળવાને બદલે ઊલટાં વધારે ઊંડા પાણીમાં, છાતી સમાણાં પાણીમાં જઈને બેઠાં. તે હવે કોઈ રીતે પાણીમાંથી ઊઠતાં જ નહોતાં.

આથી ભોળાનાથ તેમની પાસે ગયા. પકડીને ઊભા કરવા લાગ્યા. પણ પાણીમાંથી ઊભા કરી શક્યા નહીં.

મા તો જળની મધ્યમાં પણ ભાવદશામાં જ હતા.

એ સ્થિતિમાં હાથ લાંબા કરી પાણીમાં ડૂબકી મારી રહ્યાં હતાં.

પછી કહ્યું : ''જળદેવતા મને બોલાવે છે.''

આમ કહી ક્યાંય સુધી પાણીમાં જ રહ્યાં.

પછી બધાંએ ભેગા મળી માંડ માંડ બહાર કાઢ્યાં.

આવી જ બીજી ઘટના પણ બની હતી. ત્યારે મા તારાપીઠમાં હતા. મહા મહિનાની ઠંડીના દિવસો હતા. રાત્રે દસ વાગે ગરમ વસ્ત્રો પહેરીને મા બહાર ફરવા નીકળ્યાં હતાં. ફરતાં ફરતાં પુષ્કરિણીને કાંઠે આવી પહોંચ્યાં. થોડીવાર ત્યાં ઊભાં રહ્યાં. પછી એકાએક સીધો ભુસકો માર્યો ને પડ્યાં પુષ્કરિણીના હિમ જેવા ઠંડાગાર જળમાં. પછી જાણે ગરમ સૂંફાળા પાણીના હોજમાં તરતાં હોય તેમ આનંદથી તરવા લાગ્યાં.



આટલી રાત્રિએ બહાર ફરવા નીકળ્યાં એટલે, ધ્યાન રાખવા જ્યોતિષબાબુ માની પાછળ પાછળ નીકળ્યા. ખબર ન પડે તેમ ધીમે ધીમે ચાલતા હતા.

પણ દૂરથી જ માને તળાવમાં પડતાં ને પછી તરતાં જોયાં.

તેઓ તો વિમાસણમાં પડી ગયા કે હવે કરવું શું ? દીદીને બોલાવવા જતા હતા ત્યાં તો મા પાણીમાંથી બહાર નીકળ્યાં.

તેમના બધાં જ ગરમ વસ્ત્રો પાણીથી લથપથ થઈ ગયાં હતાં.

નર્યું પાણી દડદડતું હતું. માથાના વાળમાંથી પાણી નીતરતું હતું.

તેમણે બૂમ પાડી: ''ખુકુની...ઓ ખુકુની!''

માની બૂમ સાંભળી દીદી દોડતાં બહાર આવ્યાં ત્યારે તેમની સામે જોઈને મા હસવા લાગ્યાં. ને આ બાજુ માનો વેશ જોઈ દીદી તો સ્તબ્ધ થઈ ગયાં: ''અત્યારે આવી ઠંડીમાં, તમે આ શું કર્યું મા ?''

એ જ હાસ્ય સાથે ને બાળક જેવા ભાવે માએ ફરી કહ્યું:

''ખુકુની, શું કરું ? આ પુષ્કરિણી મને બોલાવતી હતી. તેનાં જળ મને નોતરી રહ્યાં હતાં. તેનો પોકાર સાંભળીને તો ઓરડામાંથી અહીં સુધી ખેંચાઈ આવી. પછી પાણીમાં ભુસકો માર્યો ને હું પુષ્કરિણીને વળગી પડી. એ બહુ પ્રસન્ન થઈ. હું પણ બહુ પ્રસન્ન થઈ.''

માની આવી વાત સાંભળી દીદી શું કહે ?

જલદીથી ઓરડામાં લાવી. તેમનાં વસ્ત્રો બદલી નાખ્યાં.

આ પછી પણ તેમની હોડી ગંગા નદીની મધ્યમાં હતી ત્યારે જળદેવતાના આવા જ આમંત્રણનો અનુભવ થયો હતો.

ત્યારે મા હરદ્વારની યાત્રાએ ગયાં હતાં.

ગંગા પાર કરતી વખતે. હોડીમાં બેઠાં પછી પણ, પાણીનાં મોજાંની સાથે જાણે ચાલતાં હોય એવી અનુભૂતિ થવા લાગી.

પાણી તેમને એટલું તીવ્રપણે ખેંચી રહ્યું હતું કે પાણીમાં કૂદી પડવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. તે વખતે માનો વેગ પણ એટલો બધો હતો કે પકડી રાખવાય મુશ્કેલ હતાં.

આ અનુભૂતિ વિશે માએ પાછળથી કહ્યું હતું: ''પાણી એવી રીતે ખેંચતું હતું કે જાણે મારા શરીરને પાણી સાથે મિલાવી દઉં. ત્યારે પાણી અને મારા શરીરમાં કોઈ ભેદ જણાતો નહોતો.''

પંચમહાભૂતમાંના એક જલતત્ત્વ સાથેની માના તાદાત્મ્યની આ અનુભૂતિ હતી.

માએ આકાશતત્ત્વ સાથે પણ એ જ રીતે તાદાત્મ્યની અનુભૂતિ કરી હતી. આકાશતત્ત્વ સાથે તદ્રુપતાનો ભાવ પ્રગટ્યો હતો ત્યારે મા દાદરો પણ ચઢી શકતાં નહોતા. દાદરના પગથિયાં પર પગ મૂકે કે તુરત જ એ ભાવદશામાં સરી પડતાં કે જ્યાં સઘળું ખાલી જગ્યા રૂપ જ જણાતું હતું.

એ રીતે એ ખાલી જગ્યામાં જ પગ મૂકવા જતાં નીચે પડી જતાં.

આથી આવી સ્થિતિમાં દાદરો ચઢાવવો મુશ્કેલ બની જતો.

આ અનુભૂતિ વિશે માએ પાછળથી જણાવ્યું હતું :

"ત્યારે ખાલી જગ્યા પ્રત્યે આ શરીરનું આકર્ષણ થતું. પવન જેમ ખાલી જગ્યામાં પેસી જાય છે તેમ, આ શરીર શૂન્યમાં મળી ગયું છે તેમ લાગતું. તે વખતે કશું જ્ઞાન ન રહેતું. તેથી જ દાદરનાં પગથિયાં પર પગ મૂકી શક્તી નહીં."

એ સ્થિતિમાં દાદર ચઢવાનો છે કે ઊતરવાનો, એનુંય ભાન રહેતું નહીં. જાણે બધું જ શૂન્ય લાગતું."

આમ માએ જળ, આકાશ, પૃથ્વી, અગ્નિ અને વાયુ-આ પંચ મહતત્ત્વો સાથે તદ્રૂપતાની અનુભૂતિ કરીને જે બહાર છે તે જ અંદર છે, સર્વવ્યાપક છે, એકમાત્ર વાસ્તવિકતા છે, વિરાટ બ્રહ્મ છે, સૂક્ષ્મ બ્રહ્મ પણ છે, ને એથી બીજું કંઈ જ નથી, તે જ્ઞાન નક્કર અનુભવ દ્વારા પ્રાપ્ત કરી પોતાના એ મૂળ સ્વરૂપે જ પછી પ્રકાશી રહ્યાં.

**તમારાં બધાં જ કાર્યોમાં, તમારા કીર્તનમાં, 'મા' તમારી સાથે જ છે. સંપૂર્ણ વિશ્રાન્તિમાં શાન્ત બેસીને વિચારો કે, "શૂન્યતાની વચ્ચે પણ 'મા' મારી સાથે જ છે." એ તમને આનંદ આપશે. તમે શાન્ત બેસીને ધ્યાન ધરતા હશો કે નીચે પડી રહ્યા હશો, ત્યારે પણ ભાવના કરો કે, "દરેકે દરેક ક્ષણે" 'મા' મારી સાથે જ છે."**

**– 'શ્રી શ્રી મા'**





## 'સાપ તો મને કરડ્યો !'

"મા, આ છોકરાની જન્મોત્રીમાં લખેલું છે કે, શ્રાવણ માસમાં સાપ કરડવાથી એનું મૃત્યુ થશે. આપની કૃપાથી આમાંથી ઊગરી જાય એટલે આપની પાસે મૂકતી જાઉં છું." કુંજબાબુનાં પત્નીએ કાશી જતી વખતે પોતાના પાંચમા પુત્રને માને સોંપતા કહ્યું.

માએ કહ્યું: "એવી કંઈ જરૂર નથી. તમારી સાથે જ લઈ જાઓ."

પતિને લઈ મા વિંધ્યાચળ ગયાં. થોડા દિવસો બાદ કુંજબાબુ ને નિર્મલબાબુ પણ પરિવાર સાથે મા પાસે વિંધ્યાચલ આવ્યાં.

એક દિવસ બધાં મા સાથે અષ્ટભુજા દેવીને દર્શન ગયાં.

ત્યાંથી સીતા કુંડ જોવા ગયાં. સીતાકુંડને રસ્તે મા ખૂબ ઝડપથી ચાલી બધાંથી આગળ નીકળી ગયાં.

થોડે દૂર પહોંચ્યા પછી માએ હાથનો ઈશારો કરી બધાંને ત્યાં જ અટકાવી દીધા ને ઈશારાથી કહ્યું: "તમે અહીં આવશો નહીં." છતાં પતિથી ન રહેવાયું. એટલે તેમની પાછળ કુંજબાબુ પણ મા પાસે આવી પહોંચ્યા. તો ત્યાંનું દૃશ્ય જોઈ બંનેનું હૈયું થડકી ગયું. ભયની કંપારી શરીરમાંથી પસાર થઈ ગઈ. એ દૃશ્ય જ એવું હતું: રસ્તા પર પડેલો કાળો નાગ ને તેના પર રહેલો માનો પગ ને પાછા નાગ માની સામે જોતો હતો! બધાં ત્યાં આવી પહોંચતાં, સાપ તો જતો રહ્યો. પણ પતિ અને કુંજબાબુના શ્વાસ અદ્ધર થઈ ગયા કે શું માને સાપે દંશ તો દીધો નથી ને ?

માને પૂછ્યું પણ ખરું, પણ માએ કંઈ જ ઉત્તર ન આપ્યો.

ખૂબ ઝડપથી ચાલવા લાગ્યાં ત્યારે, પાછળ ચાલી રહેલાઓમાંથી મનુનો નાનો ભાઈ શંકર એકાએક બોલી ઊઠ્યો:

"મા, મનુને સાપ કરડશે એવું લખ્યું છે, એટલે આપણે એને લઈને અહીં આવ્યા છીએ!"

સાપને જોઈ, નાના બાળકને આ વાત યાદ આવી જતાં, સહજપણે કહ્યું, પણ એથી ભૂલાઈ ગયેલી મનુની જન્મોત્રીની વાત સહુને યાદ આવી ગઈ. પણ ત્યારે તો બધાં ચૂપ થઈ ગયાં; કેમ કે, મા તો ખૂબ ઝડપથી ચાલતાં હતાં અને

એમાં કંઈક રહસ્ય રહેલું છે એમ સહુ અનુભવતું હતું. એટલે બધાં ચૂપચાપ ઝડપથી ચાલવા લાગ્યા ને ઉતારે આવી પહોંચ્યાં. તો ત્યાં મા પગ લંબાવીને આરામ કરી રહ્યાં હતાં. બધાંને આવેલા જોઈ માએ મનુને કહ્યું : 'મનું, સાપ તને કરડવાનો છે એવું લખાયું હતું. પણ એ તો કરડ્યો મને!'

ત્યારે એકબીજાની સામે જોતાં, સહુ સ્તબ્ધ બની ગયાં કે માએ મનુનો સર્પદંશ પોતાના શરીર પર ઝીલી લીધો!

કૃપામયીની આવી કરુણા જોઈને સૌ ગદ્‌ગદિત બની ગયાં.

એ પછી પણ, જાણે કંઈ જ બન્યું નથી એમ જ, માનો વ્યવહાર થતો રહ્યો. માને માટે તો આ કંઈ દુર્ઘટના નહોતી. પણ માની સાથે રહેલાંઓ બધાં તો બહુ જ ચિંતિત હતાં. તેમાંય કુંજબાબુ તો ખાસ, કે આવડો મોટો સાપ જોયો હતો ને માના પગમાં સાપની ભરાવેલી દાઢથી થઈ ગયેલા બે લીલા ડાઘ પણ તેમણે ને ભોળાનાથે જોયા હતા. છતાં મા તો પૂરાં સ્વસ્થ હતાં. ચહેરા ઉપર નહોતો ભય, નહોતી ચિંતા કે નહોતી વ્યગ્રતા. બસ એ જ પ્રસન્નતા, આનંદ ને શાંતિ ત્યાં હયાત હતાં. બધાંએ જમી લીધું. પછી મા નીચે ઊતર્યાં. જ્યોતિષબાબુ નીચે રહેતા હતા. ક્ષયને કારણે સૂકી હવામાં હવાફેર કરવા માટે ત્યાં આવ્યા હતા. ઘણા સમયથી ત્યાં હતા. માના સર્પદંશની ખબર પડતાં ખૂબ વ્યગ્ર બની ગયા હતા. પણ ઉપર જઈ શકે તેમ નહોતા. આથી માને અંતરથી પ્રાર્થના કરવા લગ્યા કે, નીચે આવે તો માના સર્પદંશની દવા કરી શકે. આમતેમ આંટા મારતા હતા, ત્યાં માને આવતાં જોયા ને ઝટપટ સર્પદંશ પર ચોપડવાની દવાની શીશી કાઢી તૈયાર રાખી. મા આવતાં, પ્રણામ કરી કહ્યું:

"મા, અહીં બેસો, લાવો, દવા ચોપડી દઉં."

જલદી માને પગે દવા ચોપડી દીધી. પછી નિરાંતનો શ્વાસ લીધો. પણ મા તો હસવા લાગ્યાં. માને કંઈ થાય તો થોડી સમજ જાગૃત થઈ હોય તેવું બાળક જેવું હાંફળુંફાંફળું થઈ જાય તેવી જ્યોતિષની મનોદશા જોઈ મા હસી રહ્યા હતાં.

પછી હસતાં હસતાં જ કહ્યું: "અરે, જ્યોતિષ, સર્પ તો મને ડાબા પગે કરડ્યો છે. દવા તો તેં જમણા પગે ચોપડી છે!"

ત્યારે જ્યોતિષબાબુને ખ્યાલ આવ્યો કે ગભરાટમાં ને ગભરાટમાં તેઓ શું કરી બેઠા! ત્યારે સર્પદંશ પણ દેખાયો નહીં! પછી ડાબા પગે સર્પદંશ જોયા ને ત્યાં દવા ચોપડવા લાગ્યા ત્યારે માએ કહ્યું: "રહેવા દે, મને એની કોઈ જરૂર નથી." ત્યારે જ્યોતિષબાબુએ પણ જાણ્યું કે મા ઉપરથી નીચે ઊતરી આવ્યાં એ



કંઈ દવા ચોપડવા માટે નહીં, પણ એમના અંતરની પ્રાર્થના સાંભળીને એમની વ્યાકુળતા દૂર કરવા માટે જ તેઓ આ સ્થિતિમાં આટલું કષ્ટ વેઠીને આવ્યાં હતાં.

પોતાના ઉપર માની આવી અહૈતુકી કૃપા જોઈ જ્યોતિષબાબુ ગદ્‌ગદિત બની ગયા.

ફરી ઉપર ચઢી મા ઉતારે પાછાં આવ્યાં. હવે ભોળાનાથે માના પગમાં બરાબર જોયું તો માના તળિયામાં બે ખાડા લીલા થઈ ગયા હતા. પણ માને તો કોઈ અસર જણાતી ન હતી.

તેઓ તો બાળકો જોડે ગમ્મત કરી રહ્યાં હતાં.

એ વખતે કોઈએ પૂછ્યું: "મા સાપ કરડ્યો ત્યારે શું થયું હતું?"

ત્યારે કહ્યું: "ખાસ કંઈ નહીં. માત્ર આ પગમાં કોઈ ધીમી ફૂંક મારી રહ્યું હોય એવું જણાતું હતું."

ત્યારે કુંજબાબુનાં પત્ની તો રડવા લાગ્યાં. આંસુભરી આંખે માનાં ચરણોમાં પ્રણામ કરી કહ્યું : "મા, મારા દીકરાનો સર્પદંશ તમે લઈ લીધો ને મૃત્યુના મુખમાંથી બચાવી લીધો. સગી જનેતા હોવા છતાં હું યે આવું તો ન કરી શકું. સાચે જ તમારી કૃપા ને કરુણા અપાર છે. તમે તો જગજ્જનની છો. અમારા ઉપર આવી કૃપા સદાય વરસતી રહે એવું પ્રાર્થું છું."

આંખમાંથી આંસુની ધારા સાથે માનાં ચરણો ભીંજવી રહેલી એ બાળકની માતાને પણ માએ હૈયાના હેતથી ભીંજાવી દીધી ને સર્પદંશની વાત જ સૌનાં મનમાંથી ભૂલાવી દીધી.

**બધો વખત દરેક સ્થળે ઈશ્વરની કરુણા વરસી રહી છે. માણસ પોતાને જો એ માટે ગ્રહણક્ષમ બનાવે તો એને તે સમજી શકે છે. 'તેની' કૃપા માટેની અખંડ પ્રાર્થના જ મનુષ્યનું કર્તવ્ય છે.**

**– 'શ્રી શ્રી મા'**



# ઘોડાગાડીએ મોટરને પકડી પાડી !

તે દિવસે માને ધાનકોડાના જમીનદારને ત્યાં જવાનું હતું. જવા માટે મોટરની વ્યવસ્થા કરી હતી. માની મોટર ઊપડી ત્યાં જ એક સજ્જન માને મળવા ઘોડાગાડીમાં આવ્યા. એમણે મોટરને ચાલી જતી જોઈ. અંતરમાં થયું કે માને મળવું જ છે. એ માટે જ તો અહીં આવ્યા હતા. એટલે દર્શનલાભ પ્રાપ્ત કર્યા વગર જવું જ નથી.

ગાડીના કોચવાનને કહ્યું : ''તું જલદી જલદી ઘોડો દોડાવ. આપણે મોટરને પકડી પાડીએ.''

હવે ક્યાં તે જ ગતિએ પેટ્રોલથી દોડી રહેલી મોટર ને ક્યાં ગાડીના ભારને ખેંચીને દોડતો ઘોડો ! કેવી રીતે આંબી શકવાનો હતો એ ?

આ વિચાર એ સજ્જનના મનમાં આવી શકે તેમ જ નહોતો; કેમ કે, તેમના મનમાં તો એક જ રટણ ચાલી રહ્યું હતું :

'કોઈ પણ હિસાબે મોટરમાં બેઠેલાં માનાં દર્શન કરવાં.'

''આથી ભલે તેઓ ઘોડાગાડીમાં બેઠા હતા, પણ સમગ્ર ચિત્ત તો માને લઈ જતી મોટરમાં જ હતું. એ સિવાય બીજા કશાનું ભાન જ નહોતું. ચિત્તની આ એકાગ્રતાએ અશક્ય જણાતી વાતને શક્ય બનાવી દીધી ને ઘોડાગાડીએ મોટરને પકડી પાડી. મોટર તો તેની એ જ ગતિએ દોડી રહી હતી, પણ માએ જોયું કે પાછળ એક ઘોડાગાડી પૂરપાટ દોડતી આવી રહી છે. માને ખ્યાલ આવી ગયો કે આ ઘોડાગાડી મોટરની સાથે થવા માગે છે. એટલે માએ મોટર ઊભી રખાવી દીધી. આથી ઘોડાગાડી મોટર પાસે આવી પહોંચી. પેલા સજ્જન નીચે ઊતર્યા. માનાં ચરણોમાં પ્રમાણ કરી ચરણરજ લીધી.

માના આશીર્વાદ પામ્યાનો અવર્ણનીય આનંદ મુખે છવાઈ રહ્યો.

આવી શ્રદ્ધાભક્તિ જોઈ માએ કહ્યું : ''ધાનકોડાના જમીનદારને ત્યાં જઈ રહી છું.'' તેમણે વિનમ્રભાવે વિનંતિ કરતાં માએ ત્યાં આવવાની રજા આપી. માની સાથે જ તેઓ ત્યાં પણ ગયા. આમ માનો દર્શનલાભ જ માત્ર નહીં, માની પ્રત્યક્ષ



સંનિધિમાં આખો દિવસ રહેવા મળ્યું. માને મળવાની તીવ્ર તમન્નાએ જ આ કૃપાલાભ પ્રાપ્ત કરાવ્યો ! આ વિશે માએ પાછળથી શાહબાગમાં કહ્યું હતું :

''તેણે તો એક જ લક્ષ્યથી ઘોડો દોડાવી મૂક્યો, તેથી મોટર એ ગાડી માટે ઊભી રહી ગઈ. પછી પેલા સજ્જન ઘોડાગાડીમાં બેસી ત્યાં આવ્યા. ધ્યેય એક જ હતું કે મને મળવું એટલે ઝડપથી ચાલતી મારી મોટરને ઘોડાગાડીએ પકડી પાડી. આ પ્રમાણે એક લક્ષ્યથી કાર્ય પાર પડે છે.''

માએ આ ઉદાહરણ દ્વારા પ્રભુને પામવાનો સીધો ને સરળ માર્ગ સ્પષ્ટરૂપે બતાવી દીધો કે, આપણી પાસે જે પ્રાપ્ત સાધન હોય, પછી ઘોડાગાડી પણ ન હોય ને પગેથી જ ચાલવાનું હોય તોય, એ સાધનથી બસ મંડી જ પડવું. આડોઅવળો કોઈ જ વિચાર કરવો નહીં, તો ખુદ ભગવાનને પણ તેજ ગતિથી ચાલતો એમનો દિવ્યરથ પણ આપણા માટે થોભાવવો પડે-માએ થોભાવેલી મોટરની જેમ જ ! આ જ તો છે ભગવાનની પરમ ઉદારતા, કોમળ કૃપા ને દિવ્ય કરુણા !

**અશાન્તિ બે પ્રકારની છે. એક તો સાંસારિક ઝંઝટો-ચિન્તાઓને લીધે થાય છે અને બીજી અશાન્તિ આધ્યાત્મિક પંથ પર પ્રગતિ કરવા માટેની હોય છે. બીજા પ્રકારની અશાન્તિ, એ સાચી શાન્તિનું ખરું સાધન છે. જે શાન્ત સ્વરૂપ આત્મા છે, તે એનાથી જાણી-પામી-શકાય છે. 'તેની' પાછળ જ્યારે તીવ્રતમ તલસાટ થાય, ત્યારે જ કેવળ પરમ શાન્તિ સાંપડી શકે. શાશ્વત આનંદ અદ્વિતીય છે અને તે પણ એ જ છે.**

**– 'શ્રી શ્રી મા'**



## રમણાશ્રમની સ્થાપના

એક દિવસ શાહબાગમાં મા અને પતિ બેઠાં હતાં. ત્યારે જ્યોતિષબાબુએ કહ્યું :

"મા, ઢાકામાં એક આશ્રમ હોવો જોઈએ. પછી શાહબાગમાં તો કીર્તન થઈ શકશે નહીં. એટલે આશ્રમની ખૂબ જરૂર છે."

આ સાંભળી માએ કહ્યું : "આખું જગત મારો આશ્રમ છે. મારે આશ્રમની કંઈ જ જરૂર નથી."

આમ માએ તો સ્પષ્ટ ના પાડી દીધી, પણ જ્યોતિષબાબુની તીવ્ર અંતરેચ્છા હતી એટલે માની વાત સ્વીકારી નહીં. કહ્યું : "મા, અમારે કંઈ વધારે જોઈતું નથી. પણ એક એવું સ્થળ ઝંખીએ કે જ્યાં આપનાં ચરણની ચારે બાજુ અમે બધાં એકત્ર થઈ કીર્તન કરી શકીએ."

"હા, જ્યોતિષની વાત બરાબર છે." પતિએ પણ આશ્રમ અંગે સંમતિ આપી દીધી. મા પણ આથી સંમત થયાં : 'એવું કંઈ કરવું જ હોય તો, પડી ગયેલી આ ઈમારત તું જુએ છે તે સ્થળ સારું છે. ને એ જ છે તારું જૂનું ઘર.'

એ પછી જાણે અદૃષ્ટમાં કંઈ જોઈ રહ્યાં હોય તેમ સ્થિર થઈ બોલવા લાગ્યાં : "પહેલાં, આ સ્થળે ઘણા ફલાહારી ને વાયુભક્ષી સંન્યાસીઓ રહેતા હતા. શરીર વગરના એમના આત્માનાં દર્શન મને રમણાના કાલીમંદિરમાં થયાં છે."

આટલું બોલી મૌન થઈ ગયાં.

એ સમયે આ જગ્યા સાવ ભેંકાર હતી. ત્યાં મહાદેવનું એક જૂનું મંદિર હતું. એની ચોમેર ઈંટ-પથરા વેરણછેરણ પડેલા હતા.

જીવજંતુઓ ને સાપોનું તો એ રહેઠાણ હતું. આવા સ્થળે આશ્રમ સ્થાપવાની તો કોઈને કલ્પના પણ ન આવે તેવી અવાવરૂ જગ્યા હતી. પણ માએ સ્થળ બતાવ્યું તેથી ત્યાં આશ્રમ જરૂર થશે જ એવી અતૂટ આસ્થા જ્યોતિષબાબુને હતી.

હવે એ અંગે તપાસ આદરી. તે જમીનના માલિકને શોધી મળ્યા. છ હજાર રૂપિયામાં આ જમીન આપી દેવા એ તૈયાર થયો. એ જમાનામાં એ રકમ નાનીસૂની નહોતી. આટલી રકમની જોગવાઈ કેવી રીતે કરવી તેય સમસ્યા હતી. જ્યોતિષબાબુ



અને નિરંજનબાબુએ પૈસા ભેગા કરવા પ્રયાસ આરંભ્યો. દરમિયાનમાં જ્યોતિષબાબુ ક્ષયની મરણતોલ માંદગીમાં પટકાયા. એટલે જમીન લેવાની વાત ત્યાં જ અટકી પડી. દોઢ વરસે તેઓ સાજા થયા. માની કૃપાથી નવજીવન પામ્યા હતા, એટલે મા માટેની સંપૂર્ણ શ્રદ્ધા તેમના સમગ્ર અસ્તિત્વમાં વણાઈ ગઈ હતી. એ શ્રદ્ધાને જોરે આશ્રમ માટે ફરી પ્રયત્નો શરૂ કર્યા, પણ આ પ્રયત્નોમાં પ્રાણ પૂરાતો નહોતો.

એ દિશામાં કામ આગળ વધતું નહોતું.

આથી એક દિવસ અંતરથી જ માને પ્રાર્થના કરી સંકલ્પ કર્યો કે :

"હવે તો આજે જ પૂજારીને મળી જમીનનું નક્કી કરી જ લઈશ."

આ વિશે તેઓ લખે છે : "આવો સંકલ્પ કરી પૂજારીને મળવા ઘરની બહાર નીકળ્યો ત્યારે જોઉં છું તો માની છાયામૂર્તિ મારી સાથે ચાલી રહી છે. આથી ચોક્કસ ખાતરી થઈ કે કાર્ય જરૂર પાર પડશે."

આ અનુભૂતિ પછી પૂજારીને મળ્યા ને બધી વાત કરી ત્યારે પૂજારીએ કહ્યું : "એટલા રૂપિયા તાત્કાલિક આપી શકાય તેમ ન હોય તો, કામચલાઉ બંદોબસ્ત કરો. બીજી સ્થાયી વ્યવસ્થા કરવાનું પછીથી થઈ રહેશે. કાલીમંદિર પણ તમારું જ છે ને ! જેમ ઠીક લાગે તેમ કરો."

ખરીદવા જેટલા રૂપિયા તો ત્યારે નહોતા એટલે જ્યોતિષબાબુએ કામચલાઉ વ્યવસ્થા જ સ્વીકારી લીધી. તેમાં ઘણી રકઝકને અંતે પાંચસો રૂપિયા બક્ષિસના અને ત્રણસો રૂપિયા ભાડાના આપવાનું નક્કી કરાવ્યું. ભલે આ રીતે ભાડાની જમીન પર પણ એકવાર માનો આશ્રમ સ્થપાઈ જાય તો પછી માના આશ્રમની ચિંતા મા ખુદ કરશે એમ માની, જ્યોતિષબાબુએ આ સોદો સ્વીકારીને જમીનનો કબજો મેળવી લીધો અને ત્યાં આશ્રમની રચના માટે ભેખ લીધો.

આશ્રમ વિશે માએ કહ્યું હતું : "આશ્રમ એટલે એવું શુદ્ધ પુનિત સ્થાન, જ્યાં પગ મૂકતાં જ ધર્મભાવ જાગૃત થઈ જાય. સાધન, ભજન, સચ્ચિંતન વગેરેના પ્રભાવથી અહીંનું વાતાવરણ અહર્નિશ વિશુદ્ધ બની રહે તેવો પ્રયાસ બધાએ કરવો. અહીં માથું રાખી શકાય તેવા બેએક નાના ઓરડા જ થાય તો બસ."

માની ઇચ્છા મુજબના આવા આશ્રમની સ્થાપના માટે જ્યોતિષબાબુ રાતદિવસ મંડ્યા રહ્યા. પાસે પૈસા તો બિલકુલ નહોતા. પણ શ્રદ્ધાની બહુ મોટી મૂડી હતી. માને ચરણે બેસી કીર્તન કરી શકાય એવું સ્થળ ઊભું કરવાની પુનિત ભાવનાનું બળ અંતરમાં હતું. એટલે જ ટાંચાં બાહ્ય સાધનો હોવા છતાં રમણાશ્રમ ઊભો કરી શક્યા. શરૂઆતમાં તો માને માટે એક ઝૂંપડું જ તૈયાર કરી શકાયું.

બીજી મે ૧૯૨૯ના રોજ એ નાનકડી કુટિરમાં માએ પ્રવેશ કર્યો અને એ જ ધન્ય ક્ષણે એ ઝૂંપડી જ વિશાળ 'રમણાશ્રમ' બની ગઈ !

ધીમે ધીમે એ વિકસવા લાગ્યો. બાહ્ય ક્લેવર પણ બદલાતું ગયું. એ પછી ઑક્ટોબરમાં સિદ્ધેશ્વરીમાં રાખેલી કાલીમૂર્તિની એમાં પ્રતિષ્ઠા કરવામાં આવી. રોજ આ પ્રતિમાની નિયમિત પૂજા થવા લાગી. એક રાત્રે આ કાલીમંદિરમાં ચોર આવ્યા ને બધાં ઘરેણાં ચોરી ગયા ને પ્રતિમાનો એક હાથ ભાંગી નાખ્યો.

હવે આ ખંડિત મૂર્તિની પૂજા ન થાય તેમ બધાં કહેવા લાગ્યાં તેથી પૂજા અંગેનો વિવાદ ઊભો થયો. આ વિવાદના નિવારણ માટે આ વિશે જુદા જુદા વિદ્વાનોના અભિપ્રાય મંગાવાયા.

તેમાં મહામહોપાધ્યાય પંચાનન તર્કરત્ન મહાશયનો અભિપ્રાય જુદો જ હતો. તેમણે કહ્યું હતું : ''શાસ્ત્રમાં ખંડિત મૂર્તિની પૂજાનો નિષેધ બતાવ્યો છે ખરો, પણ આ સ્થળે તો એવું જણાય છે કે કોઈ એક મહાપુરુષની અનુજ્ઞાથી નૈમિત્તિક પૂજા થયા પછીથી કાલીમૂર્તિનું વિસર્જન ન કરતાં તેની નિત્યપૂજા કરવાની વ્યવસ્થા થયેલી છે. તેથી તે મહાપુરુષ જેવું વિધાન કરે તે પ્રમાણે કરવું.''

આથી હવે બધાં મા પાસે આવ્યા ને તેમને આ વિશે પૂછ્યું.

તો જે ઉત્તર રાધાગોવિંદની ખંડિત મૂર્તિની પૂજા કરવા અંગે રામકૃષ્ણદેવે રાણી રાસમણિને આપ્યો હતો એ જ ઉત્તર માએ પણ આજે આપ્યો :

''આપણાં માતાપિતાના હાથપગ તૂટ્યા હોય તોય એમને ઘરમાં રાખીએ છીએ અને સેવાચાકરી કરીએ છીએ. તો કાલીમાતાની ખંડિત મૂર્તિ શા માટે ન પૂજાય ? મૂર્તિનો ભાંગેલો હાથ સરખો કરાવી દઈએ એટલે બસ.''

પછી એ જ મૂર્તિના હાથની મરમ્મત કરાવીને પૂજામાં ચાલુ રાખવામાં આવી. પછી ત્યાં સરસ કાલીમંદિર પણ બંધાયું.

માએ સૂક્ષ્મમાં જોયેલું એ ફલાહારી ને પવનભક્ષી સંન્યાસીઓનું તપોવન સ્થૂલ રૂપે પણ માના કૃપાસ્પર્શથી અને જ્યોતિષબાબુ ને નિરંજનબાબુના શ્રદ્ધાબળથી તપોવન રૂપે પાંગર્યું ને માનો રમણાશ્રમ બની રહ્યું.





## તત્ત્વચિંતકોની મા સાથે પ્રશ્નોત્તરી

ઈ. સ. ૧૯૨૯માં ઢાકામાં ભારતીય તત્ત્વદર્શન કૉંગ્રેસનું અધિવેશન ભરાયું હતું. દેશભરમાંથી તત્ત્વજ્ઞો ને અભ્યાસીઓ ત્યાં આવ્યા હતા.

હવે ઢાકામાં તો માની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ અને વિલક્ષણ ભાવસમાધિ વિશે વિદ્વાનો ને તત્ત્વજ્ઞોને જાણ થવા લાગી હતી.

ઢાકાના ઘણા તત્ત્વવેત્તાઓએ માનાં દર્શન પણ કર્યાં હતાં.

ભારતીય તત્ત્વજ્ઞાનનાં રહસ્યો પામવા માટે ભરાયેલી આ કૉંગ્રેસમાં મા વિશે પણ વાતો થવા લાગી હતી.

આથી સમગ્ર ભારતવર્ષમાંથી આવેલા વિદ્વત્ જનોને પણ માનાં દર્શન કરવાની ઈચ્છા જાગી.

તેઓ બધા ઢાકાના બંગાળી વિદ્વાનોને સાથે લઈ માને મળવા આવી પહોંચ્યા. તેઓ બધા બંગાળી ભાષા જાણતા નહોતાં અને મા તે સમયે હિંદી ભાષા જાણતાં નહોતાં. છતાં વાતચીત ત્રણ કલાક સુધી ચાલી. બંગાળી વિદ્વાનો મારફત આ વાતચીત ચાલી.

માને જે જે પ્રશ્નો પૂછાયા તેના ઉત્તરો બંગાળીમાં જ આપ્યા.

તેમાંના એક વિદ્વાને માને પૂછ્યું :

''જો માણસનો સ્વભાવ બદલાઈ જાય ને નિઃસ્વાર્થ બની જાય તો જગત પૂર્ણ બની શકે; એટલે કે સંસાર સ્વર્ગ બની શકે ?''

તે સમયે મા ન તો પાશ્ચાત્ય તત્ત્વવેત્તાઓના દર્શનને જાણતાં હતાં કે ન તો ભારતીય દર્શનને. છતાં તેમણે જે ઉત્તરો આપ્યા તેનાથી આ તત્ત્વચિંતકો અત્યંત પ્રભાવિત થઈ ગયા. કેમ કે, માનું જ્ઞાન તો પરમ તત્ત્વમાંથી આવતું સીધું જ્ઞાન હતું. આ જ્ઞાનને ન તો શાસ્ત્રપ્રમાણની જરૂર હતી કે ન તો કોઈ પ્રત્યક્ષ આધારની. એ તો હતું સ્વયંભૂ જ્ઞાન જે ઉપરથી સીધેસીધું ઊતરી આવતું હતું. એટલે એને વિચારોનીયે જરૂર નહોતી. એને વ્યક્ત કરવા માટે વિચાર અને વાણી પણ આપોઆપ ગોઠવાઈ જતાં હતાં.

મા મહાન ચિંતકો, વિદ્વાનોની મંડળીની વચ્ચે બેઠા હતાં.

પહેલી જ વાર આટલા બધા વિદ્વાનો સાથે વાર્તાલાપ થયો હતો, છતાં નહોતો કોઈ ક્ષોભ કે નહોતો કોઈ ઉદ્વેગ. એ જ સ્વસ્થતા, પ્રસન્નતા, સ્થિરતા ને શાંતતાના ભાવમાં મા વિરાજેલાં હતાં. પોતાને તો કંઈ પૂછવાનું કે કહેવાનું નહોતું. તેમ વિદ્વદ્‌સમૂહ સમક્ષ પોતાની વિદ્વત્તા પ્રગટ કરવાનો તો પ્રશ્ન જ નહોતો. આથી જે જે પ્રશ્નો પૂછાયા તેના ઉત્તરો જાણે ઊર્ધ્વમાંથી ગોઠવાઈને માના મુખ દ્વારા સહજપણે પ્રગટ થવા લાગ્યા. સામે બેઠેલી તત્ત્વચિંતકોની મંડળી આ સાંભળીને મંત્રમુગ્ધ બનવા લાગી.

'શું સંસાર સ્વર્ગ બની શકે ?' આ પ્રશ્નનો ઉત્તર હસતાં હસતાં, કોઈ પણ જાતના વિચાર કરવા રોકાયા વગર, તુરત જ આપ્યો :

"અત્યારે પણ જગત તો ક્યારનું ય આવું જ પૂર્ણ છે."

આ એક જ વાક્યથી પ્રશ્ન-પૃચ્છક માની આધ્યાત્મિક કક્ષાને ઓળખી ગયા. પછી તો અધ્યાત્મજીવનનાં રહસ્યોની બાબતમાં ત્રણ કલાક સુધી પ્રશ્નોત્તરી ચાલી. ગહન પ્રશ્નોના સરળ ઉત્તરો સાંભળી વિદ્વાનો તો આશ્ચર્યચકિત જ થઈ ગયા. આત્માની અનુભૂતિમાંથી પ્રગટેલી વાણી કેવી સહજ, સરળ ને ગંગાના પ્રવાહ જેવી પુનિત ને શીતલ હોય છે તેનો અનુભવ ઢાકામાં આવેલા આ વિદ્વજ્જનો માની સન્મુખ કરી રહ્યા.

ડૉ. મહેન્દ્રનાથ સરકાર લખે છે : "બધા જ પ્રતિનિધિઓ માના ઓરડામાં ભેગા થયા હતા. વિલ્સન કૉલેજના પ્રોફેસરે ત્રણ કલાક સુધી આલોચના કરી. તત્ત્વજ્ઞાન વિશે અનેક પ્રશ્નો પૂછ્યા. જરા પણ થોભ્યા વગર, ખચકાયા વગર, સંકોચ વગર મા ઉત્તરો આપ્યે ગયાં. જેવો પ્રશ્ન તેવો ને તેટલો જ ઉત્તર. ઉપસ્થિત વિદ્વાનો માની સમજ, જ્ઞાન ને સસ્મિત અભિવ્યક્તિની શક્તિ જોઈ પ્રભાવિત થઈ ગયા."

વિદ્વદ્વર્ગ સમક્ષ જાહેરમાં પ્રશ્નોત્તરીના શ્રી ગણેશ અહીંથી જ મંડાયેલા. પણ આ પ્રસંગે જ્ઞાનસ્વરૂપિણી માનું અત્યાર સુધી અપ્રગટ રહેલું રૂપ છતું કરી દીધું.





# પરિભ્રમણનો પ્રારંભ

રમણાશ્રમની કુટિરમાં પ્રવેશ કરી માએ આશ્રમની પ્રતિષ્ઠા કરી આપી એની બીજી જ રાત્રિએ જ્યોતિષબાબુને ઘેર સંદેશો આવ્યો કે જલદીથી આશ્રમમાં પાછા જાવ."

જ્યોતિષબાબુ ચિંતામાં પડી ગયા કે, આટલી રાતે કેમ તત્કાળ બોલાવ્યા હશે ? પહેર્યે કપડે જ દોડતા આવી પહોંચ્યા.

જોયું તો બધાં જ ચિંતાતુર ને ઉદાસ હતાં. મનમાં આશંકા ઊઠી કે કશુંક અનિષ્ટ તો નથી બન્યું ને ! તેમણે પૂછ્યું : "મા ક્યાં ?"

બહારના મેદાન તરફ આંગળી ચીંધી ભોળાનાથે કહ્યું : 'ત્યાં છે.'

પછી ભોળાનાથે સઘળી વાતથી વાકેફ કર્યા :

'આજે આખો દિવસ ઘરમાં રહ્યાં જ નથી. સવારથી બહાર નીકળી પડ્યાં છે, ને બહાર જ ફરી ફરીને વિતાવ્યો છે.'

'પણ એવું શા માટે ?'

"મા હવે ઢાકાની બહાર જવા ઇચ્છે છે. મને કહ્યું : "આ શરીર તેમના બાબા (પિતાજી) સાથે કેટલાક દિવસ માટે બહાર ફરવા જાય છે. તમે આશ્રમમાં રહેજો.''

આમ સ્પષ્ટ કહી દીધું. અત્યારની ઋતુમાં બહાર ન જવા ખૂબ સમજાવ્યા, પણ તે તેમનાં સંકલ્પમાં દૃઢ છે. એટલે નાછૂટકે બહાર જવાની રજા આપી છે."

'તો વૃદ્ધ બાબા સાથે મા એકલાં જશે ?' જ્યોતિષબાબુએ પૂછ્યું. એટલે તો તમને બોલાવ્યા છે. મને તો તેમણે સાથે આવવાની ચોખ્ખી ના પાડી છે; એટલે હું તો જઈ શકું તેમ નથી. પણ મારી ઇચ્છા છે કે તમે સાથે જાઓ, ધ્યાન રાખો. ભલે ના પાડે, પણ તેમનું ધ્યાન રાખવા ને સગવડ સાચવવા કોઈ સશક્ત માણસ સાથે હોવું જોઈએ."

"પણ મને પણ મા ના પાડશે તો ?"

"મંજૂરી આપે તો એમની સાથે ડબ્બામાં બેસજો. નહીંતર એ જ ગાડીના બીજા ડબ્બામાં બેસજો. પણ માને આ રીતે એકલાં તો જવા દેવાય જ નહીં."

'ભાઈજી' તો કશીયે તૈયારી વગર જ આવ્યા હતા. પહેરેલા પહેરવેશ સિવાય કશું ય પાસે નહોતું. છતાં માનું ધ્યાન રાખવા કોઈ જાતની યાત્રાની પૂર્વતૈયારી વિના મા સાથે જવા તૈયાર થઈ ગયા.

માએ રેલવે સ્ટેશને આવી કહ્યું : ''આ ગાડી ક્યાં જાય છે ?''

''મૈમનસિંગ.'' ''ત્યાંની ટિકિટ લઈ લો.''

આમ, માના વૃદ્ધ પિતા બિપિનબિહારી, મા ને જ્યોતિષબાબુ ત્યાં આવી પહોંચ્યાં. ક્યાં જવું એ તો કંઈ નક્કી નહોતું. એમ તો મા પોતે પણ ક્યાં જાણતાં હતાં ? બસ, અંદરથી પ્રેરણા થઈ હતી એટલે ગાડીમાં બેસી ગયાં હતાં. પ્રેરક પોતે જ માને કોઈ અજ્ઞાત સ્થળે દોરી રહ્યા હતા. મૈમનસિંગ પહોંચ્યા પછી 'ભાઈજી'એ પૂછ્યું :

'મા, હવે ક્યાં જવાનું છે ?' ''પહાડ તરફ.'' માએ કહ્યું.

આ સાંભળી પોતાની ચિંતા દર્શાવતા 'ભાઈજી'એ કહ્યું :

''આ ઋતુમાં પહાડ તરફ ? ત્યાં તો ભારે વરસાદ હશે ! વૃદ્ધ પિતાને લઈ ત્યાં જવું યોગ્ય લાગતું નથી. એકાંત જ જોઈતું હોય તો કોકસ બજારના સમુદ્રતીરે જઈએ.''

માએ કંઈ જવાબ ન આપ્યો. છતાં ભાઈજી તો આશુગંજ પહોંચ્યા.

ત્યાં તો ફરી વરસાદ શરૂ થઈ ગયો. એટલે માએ પૂછ્યું :

''જો, આ. કાલે પણ આ જ જોઈશ.''

એમ જ થયું. બીજે દિવસેય વરસાદ ચાલુ જ હતો. ચટ્ટગ્રામ થઈને કોકસ બજાર જવા સ્ટીમરમાં બેઠાં. સ્ટીમર નદીમાંથી સમુદ્રમાં આવી ત્યારે ભયાનક તોફાન શરૂ થયું. સ્ટીમર આમથી તેમ હાલકડોલક થવા લાગી. પાણીનાં મોજાંઓ સ્ટીમર પર ફેંકાવા લાગ્યાં. મુસાફરો ભયભીત થઈ ગયાં. એકમાત્ર મા જ આનંદસમુદ્રમાં સ્થિર હતાં. આ તોફાન જોઈ માએ કહ્યું : ''વિરામ વગર કેવું એકધારું કીર્તન ચાલી રહ્યું છે ! ભક્તિસાધના દ્વારા માણસ ઉન્નતિ ઇચ્છે તો આવા અખંડભાવે સ્મરણ, શ્રવણ ને કીર્તન ચાલવું જોઈએ.''

બધાંને આ તોફાનમાં અટ્ટહાસ્ય સંભળાતું હતું ત્યારે મા અખંડ કીર્તનને સાંભળી રહ્યાં હતાં. માની પ્રભુમય દૃષ્ટિમાં ક્યાંય અમંગલ કે અનિષ્ટ હતું જ નહીં. ખરેખર એ તોફાન કીર્તનમાં પલટાઈ ગયું.

થોડીવારમાં તો શાંત અને સ્થિરભાવે સમુદ્ર ફરી આનંદમય શાશ્વત ગાન ગાવા લાગ્યો. રૌદ્ર રૂપ શમી ગયું.

કોકસ બજારના શાંત એકાંતમાં મા થોડા દિવસ રહ્યાં. ત્યાંથી પિતાજી સાથે આદિનાથ ગયાં. ભાઈજી ઢાકા પાછા આવી પહોંચ્યા.



ત્યાંથી ભોળાનાથ માને કલકત્તા પાછા લાવ્યા. કલકત્તાથી દહેરાદૂન, અયોધ્યા, બનારસ, વિંધ્યાચળ, નવદ્વીપ વગેરે સ્થળોએ ગયાં. ત્યાંથી ચાંદપુર આવ્યાં. ભોળાનાથ ચાંદપુરથી માને પાછા સિદ્ધેશ્વરી લાવ્યા. ત્યાં ઘણો સમય રહ્યાં.

અત્યાર સુધી ઘરની ચાર દીવાલોની ભીતર રહી પરબ્રહ્મ સાથે તદ્રૂપતા પામવાની સાધના સિદ્ધ થઈ ગયા પછી, માની વ્યાપ્ત બનેલી ચેતનાને ભોળાનાથ પોતાની આમન્યાના અનુશાસન હેઠળ સીમિત કરી શક્યાં નહીં. ભગવદ્‌વિમુખ લોકોને ભગવદાભિમુખ કરવાના માના દૈવી કાર્યના પ્રારંભ માટે પરિભ્રમણો આવશ્યક હતાં. તેથી જ માના જીવનમાં ઊતરી આવેલી અન્ય સાધનાઓની જેમ, આ પરિભ્રમણો પણ સહજપણે ઊતરી આવ્યાં.

અને... આ તો હજી એનું માત્ર મંગલાચરણ જ હતું !





## 'મોડા આવશો તો નહીં પેસવા દઉં !'

મા શાહબાગમાંથી બહાર જવા નીકળ્યાં ત્યારે, જલદી જલદી પાછા આવતા રહે એ હેતુથી પ્રફુલ્લબાબુનાં પત્નીએ મજાકમાં કહ્યું :

"મા, જલદી જલદી પાછાં આવજો. મોડા આવશો તો શાહબાગમાં પેસવા નહીં દઉં ! દરવાજો જ બંધ કરી દઈશ."

માએ પણ હસીને કહ્યું : "અરેરે, આ શું કહી બેઠાં તમે ? તમારે આમ નહોતું કહેવું જોઈતું. મશ્કરીમાં પણ કંઈ કહ્યું હોય તો તેમ બની જાય છે."

પતિને તો આવા અનુભવો વારંવાર થયા હતા. એટલે તેમણે ચેતવણી આપી ત્યારે, 'મેં તો માત્ર મજાકમાં જ આમ કહ્યું છે !' એવો ખુલાસો પ્રફુલ્લબાબુનાં પત્નીએ કરી દીધો.

પણ ખરેખર મજાકમાં કહેલી વાત સાચી જ ઠરી. પરિસ્થિતિ એવી સર્જાઈ કે મા ફરીથી પાછાં શાહબાગમાં આવ્યાં જ નહીં !

શાહબાગના માલિકોએ શાહબાગને કોર્ટ ઑફ વૉર્ડ્સ હસ્તક સોંપી દીધો. આથી ભોળાનાથ, ભૂદેવબાબુ, યોગેશબાબુ બધાંની નોકરી ગઈ. માને ત્યાં પાછું આવવાનું બન્યું જ નહીં.

આ સંબંધમાં માએ ઘણીવાર કહ્યું હતું કે, 'કોઈ પણ વાત કરીએ તો, સંપૂર્ણ સાવધાની રાખીને જ કરવી. કેટલીક વખતે સારું યા નરસું બોલેલું સાચું પડી જાય છે.'

કલકત્તાથી મા પાછાં આવ્યાં ત્યારે હવે શાહબાગમાં તો ઘર રહ્યું જ નહોતું. એટલે ટિકાટુલીમાં ભાડાના મકાનમાં રહેવા ગયાં. શાહબાગમાં સૌની નોકરી ગઈ તેથી બધાં બહુ જ ચિંતિત ને દુઃખી હતાં. એમાં પણ રાયબહાદુર યોગેશબાબુનાં ઘરનાં બધાં તો વિશેષ વ્યથિત હતાં. તેમણે કહ્યું, "મા, હવે અમારું શું થશે ?"

ત્યારે માએ કહ્યું. "ચિંતા કરશો નહીં, જે બધું થાય છે તે સારા માટે જ થાય છે."

એ નોકરી જવાથી બધાંનું કેટલું બધું સારું થયું તે તો પાછળથી બધાંને સમજાયું.





## 'નિંદા પણ હું, નિંદક પણ હું, નિંદ્ય પણ હું !'

મા તો હતાં નિર્મળ પવિત્રતાની મૂર્તિ. સ્ફટિક જેવા શુદ્ધ ને નિર્મલ. સઘળા માનવીય વિચારો ને વિકારોથી પર. ચેતનામાં નહોતા ઊઠતા આવેગો કે નહોતા સર્જાતા તરંગો. ચેતનાની એવી ઊંચી સપાટીએ વસતાં હતાં કે સામાન્ય મનુષ્યોને ખ્યાલ જ ન આવે. છતાંય વસતાં હતાં તો મનુષ્યોની વચ્ચે જ. માનવપ્રકૃતિની નિમ્નતાનો પણ મને-કમને, ઇચ્છા-અનિચ્છાએ અનુભવ કરવો પડ્યો હતો. સાધનાના પ્રારંભ કાળેય મા વિશે અનેકવિધ નરસી વાતો થતી હતી.

એ પછીયે કેટલાય લોકો તો પોતાના ગજથી જ માની સાધનાક્રિયાને માપતા ને મૂલવતા. માના અને ભોળાનાથના સંબંધમાં પણ લોકો વિવિધ વાતો ચગાવતાં રહેતાં.

આ સંદર્ભમાં અમૂલ્યદા ને દીદીએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં માએ કહ્યું હતું : "પોતાના સંસ્કાર પ્રમાણે લોકો મારા અને ભોળાનાથના સંબંધ વિશે વાતો કરે છે, પણ તેમાં કોઈનોય દોષ જોતી નથી. કોઈની વાતનું ખંડન કરતી નથી. લોક તો સ્વકીય સમજ પ્રમાણે અભિપ્રાય ઉચ્ચારે છે. તમે જાણો છો કે જ્યોતિષની સાથે પાડેલો મારો એક ફોટો છે. એ ફોટાને લીધે ઢાકામાં કેટલાક લોકોએ મારા વિશે ગંદો પ્રચાર કર્યો હતો. એટલું જ નહીં, પણ પોતાની વાતના સમર્થનમાં પુસ્તિકા પ્રકાશિત કરવાની યોજના પણ કરી હતી, જેમાં આ શરીરની સાવ ખોટી જીવનકથા પ્રગટ થાત. વળી, કેટલાક લોકોએ તો એવી નિરાધાર અફવા ઉડાડી હતી કે, આ શરીરનું અગાઉ લગ્ન થયું હતું, વૈધવ્ય પ્રાપ્ત કર્યા પછી ભોળાનાથે બીજું લગ્ન કર્યું. આમ જાતજાતની જુઠ્ઠી વાતો ઇરાદાપૂર્વક વહેતી મૂકવામાં આવી હતી. પણ અસત્યનું આયુષ્ય લાંબું હોતું નથી. અંતે તો સત્ય જ સત્યસ્વરૂપે પ્રગટીને રહે છે. પણ આ શરીર વિશેનું સત્ય પ્રકાશમાં આવે ત્યાં સુધી જ્યોતિષ આ શરીરની બદનામી જોઈ ન શક્યો ને અશાન્ત બની ગયો."

જેમના માટે મા તો સાક્ષાત્ જગદંબા હતાં, જેમનાં દર્શન વિના મન ને પ્રાણ વ્યાકુળ બની જતાં, એ જ્યોતિષબાબુની મા પ્રત્યેની અતૂટ ને અનન્ય શ્રદ્ધાભક્તિને પણ લોકો દૂષિત દૃષ્ટિએ દેખવા લાગ્યા. માની સાથે તેમના પાર્થિવ પ્રેમની વાતો